સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

WEEK **44** (30/10/22 to 05/11/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


## ।। ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી ।।

મોરબીની અતિ દુઃખદ ઘટનામાં પ્રભુ ચરણ પામેલા તમામ લોકોને ભાવભીની શ્રદ્ધાંજલિ, પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને આ અતિ દુઃખદ ઘડી સહન કરવાની શક્તિ આપે એવી ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના.......




JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**30 OCT-2022**

- દિવસ મહિમા : 30 ઓક્ટોબર, વિશ્વ બચત દિવસ (World Savings Day) ...... 02
- ભારતીય મૂળના શ્રી ઋષિ સુનક બ્રિટનના નવા વડાપ્રધાન બન્યા ...... 02
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ Mission Life શરૂ કર્યું ...... 03
- QUESTION ANSWERS ...... 06

**31 OCT-2022**

- દિવસ મહિમા : 31 ઓક્ટોબર, વિશ્વ શહેર દિવસ, શ્રીમતી ઈન્દિરાગાંધી પુણ્યતિથિ, શ્રી સરદાર પટેલ જન્મદિન, રાષ્ટ્રીય એકતા દિવસ ...... 07
- BCCI પુરુષ અને મહિલા ક્રિકેટરોને સમાન વેતન આપશે ...... 19
- IT નિયમો 2021માં સુધારાઓ ...... 19
- QUESTION ANSWERS ...... 21

**01 NOV-2022**

- દિવસ મહિમા : 01 નવેમ્બર, વિશ્વ શાકાહાર દિવસ ...... 25
- વડોદરામાં એરફોર્સ માટે C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનું ઉત્પાદન કરવામાં આવશે ...... 25
- વિશ્વની સૌથી ઊંચી ભગવાન શિવની પ્રતિમા : નાથદ્વારા, રાજસ્થાન ...... 25
- તરાઈ હાથી અભયારણ્ય : ઉત્તરપ્રદેશ ...... 27
- QUESTION ANSWERS ...... 28

**02 NOV-2022**

- દિવસ મહિમા : 02 ઓક્ટોબર, International Day to end Impunity for crimes Against Journalists ...... 29
- IMT TRILAT ...... 29
- મોરબીનો ઝૂલતો પુલ : મચ્છુ નદી ...... 29
- QUESTION ANSWERS ...... 32

**03 NOV-2022**

- ભારતની પ્રથમ ફ્લોટિંગ નાણાકીય શિબિર ...... 33
- તકેદારી જાગૃતિ સપ્તાહ 2022 (Vigilance Awareness Week) ...... 34
- સેવા સંસ્થાના સ્થાપક શ્રીમતી ઈલાબેન ભટ્ટનું નિધન ...... 34
- QUESTION ANSWERS ...... 37

**04 NOV-2022**

- પોષક તત્વો આધારિત સબસિડી દરોની મંજૂરી ...... 38
- આંતરરાષ્ટ્રીય બાયોસ્ફિયર રિઝર્વ દિવસ ...... 39
- વર્લ્ડ પઝલ ચેમ્પિયનશિપ ...... 40
- QUESTION ANSWERS ...... 41

**05 NOV-2022**

- દિવસ મહિમા : 05 નવેમ્બર, વિશ્વ સુનામી જાગૃતિ દિવસ ...... 42
- રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય ઉત્સવ 2022 ...... 42
- ગિરનારની લીલી પરિક્રમા ...... 43
- વિશ્વ વિખ્યાત 'પુષ્કરના મેળા'નો રાજસ્થાનમાં પ્રારંભ ...... 43
- QUESTION ANSWERS ...... 44

**ONE LINER** ...... 45

**QUESTION OF THIS WEEK** ...... 51


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 30 ઓક્ટોબર, વિશ્વ બચત દિવસ (World Savings Day)

નોંધ : 'વિશ્વ બચત દિવસ'ને અગાઉ 'વિશ્વ કરકસર દિવસ' (World Thrift Day) તરીકે પણ ઓળખવામાં આવતો હતો.

## ભારતીય મૂળના શ્રી ઋષિ સુનક બ્રિટનના નવા વડાપ્રધાન બન્યા



બ્રિટનની કન્ઝર્વેશન પાર્ટીના નેતા શ્રી ઋષિ સુનક (અથવા શ્રી રિષિ સુનક) બ્રિટનના નવા વડાપ્રધાન તરીકે ચૂંટાઈ આવ્યા છે.

- તાજેતરમાં કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા સુશ્રી લિઝ ટ્રસએ રાજીનામુ આપ્યા બાદ વડાપ્રધાનનું પદ ખાલી પડ્યુ હતું.
- ત્યારબાદ કન્ઝર્વેટિવ પાર્ટિમાં 100થી વધુ સંસદોનું સમર્થન ધરાવતા શ્રી ઋષિ સુનકની બ્રિટનના વડાપ્રધાન તરીકે પસંદગી કરવામાં આવી છે.
- નોંધનીય છે કે સપ્ટેમ્બર 2022માં સુશ્રી લિઝ ટ્રસ બ્રિટનના વડાપ્રધાન બન્યા હતા. આ અગાઉ શ્રી બોરિસ જોન્સન બ્રિટનના વડાપ્રધાન હતા.
- બ્રિટનમાં વર્તમાન રાજકીય અસ્થિરતાના કારણે છેલ્લા 50 દિવસમાં કન્ઝર્વેટિવ પાર્ટીના તેઓ ત્રીજા વડાપ્રધાન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી ઋષિ સુનક

શ્રી ઋષિ સુનકનો જન્મ 12મે 1980ના રોજ ઈંગ્લેન્ડમાં હેમ્પશાયરના સાઉધમ્પટન ખાતે થયો હતો.



- તેઓ ઈન્ફોસિસના સ્થાપક શ્રી એન. આર. નારાયણમુર્તિના જમાઈ છે.
- ઓક્ટોબર 2014માં તેમને કન્ઝર્વેટિવના ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.
- 2015ની સામાન્ય ચૂંટણીમાં તેઓ સાંસદ તરીકે ચૂંટાયા હતા.
- જૂન 2016માં EU સદસ્યતા લોકમતમાં શ્રી ઋષિ સુનકે બ્રેક્ઝિટને સમર્થન આપ્યું હતું.
- 2017ની સામાન્ય ચૂંટણીમાં બહુમતી સાથે ફરીથી ચૂંટાયા હતા.
- તેમણે જાન્યુઆરી 2018 અને 2019ની વચ્ચે સ્થાનિક સરકારના રાજ્યના સંસદીય અન્ડર સેક્રેટરી તરીકે સેવા આપી હતી.
- શ્રી ઋષિ સુનકે 2019ની કન્ઝર્વેટિવ પાર્ટીના નેતૃત્વની ચૂંટણીમાં શ્રી બોરિસ જોન્સનને ટેકો આપ્યો હતો.

- 24 જુલાઈ, 2019ના રોજ વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સન દ્વારા તેમને ટ્રેઝરીના મુખ્ય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- 2019ની સામાન્ય ચૂંટણીમાં તેઓ ફરીથી ચૂંટાયા હતા.
- ફેબ્રુઆરી 2020થી જુલાઈ 2022 સુધી તેમણે શ્રી બોરિસ જોન્સનની સરકારમાં રાજકોષના ચાન્સેલર તરીકે સેવા આપી હતી.
- સપ્ટેમ્બર 2022માં કન્ઝર્વેટિવ પાર્ટીમાં બ્રિટનના વડાપ્રધાન માટે થયેલા મતદાનમાં તેઓ સુશ્રી લિઝ ટ્રસ સામે હાર્યા હતા.
- ત્યારબાદ ઓક્ટોબર 2022માં સુશ્રી લિઝ ટ્રસે રાજીનામુ આપતા તેઓ બ્રિટનના નવા વડાપ્રધાન તરીકે પસંદ પામ્યા છે.

નોંધ : (1) શ્રી ડોમિનિક રાબ બ્રિટનના નાયબ વડાપ્રધાન બન્યા છે.

(2) વડાપ્રધાન તરીકે ચૂંટાયા બાદ શ્રી ઋષિ સુનકે તેમની કોર ટીમની જાહેરાત કરી હતી. જેમાં મૂળ બિહારના શ્રી પ્રજ્જવલ પાંડેની પસંદગી કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ Mission Life શરૂ કર્યું

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડિયા) ખાતેથી 'મિશન લાઈફ' અભિયાનની શરૂઆત કરી હતી.




- નીતિ આયોગે 'મિશન લાઈફ' (પર્યાવરણ માટેની જીવનશૈલી)ના વિચારની કલ્પના કરી હતી.

### મિશન લાઈફ શું છે ?

નવેમ્બર, 2021માં ગ્લાસગોમાં COP26 ખાતે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મિશન લાઈફની રજૂઆત કરવામાં આવી હતી.

- તે ભારતની આગેવાની હેઠળનું વૈશ્વિક લોક ચળવળ છે જે પર્યાવરણ સંરક્ષણ તરફ વ્યક્તિગત અને સામુહિક પગલાને આગળ વધારશે.
- આ ધ્યેય હાંસલ કરવા માટે તે ત્રણ પાયાની વ્યૂહરચનાનું પાલન કરે છે :

(1) લોકોમાં ઈકો–ફ્રેન્ડલી દૈનિક વ્યવહારને પ્રોત્સાહન આપવું.

(2) માંગમાં થતા ફેરફારોને પ્રતિસાદ આપવા માટે ઉદ્યોગો અને બજારોને સક્ષમ બનાવવું.

(3) ટકાઉ વપરાશ અને ઉત્પાદન બંનેને ટેકો આપવા માટે સરકાર અને ઔદ્યોગિક નીતિને પ્રભાવિત કરવી.

- આ મિશનનો ઉદ્દેશ્ય 2022 અને 2027 વચ્ચેના સમયગાળા માટે પર્યાવરણની જાળવણી માટે ઓછામાં ઓછા 1 અબજ ભારતીયો અને વિદેશીઓને એકત્ર કરવાનો છે.
- તે 2028 સુધીમાં ભારતમાં તમામ ગામડાઓ અને શહેરી સ્થાનિક સંસ્થાઓના ઓછામાં ઓછા 80 ટકાને ઈકો–ફ્રેન્ડલી બનાવવાનું લક્ષ્ય રાખે છે.

## મિશન લાઈફ કેવી રીતે અમલમાં આવશે ?

વ્યક્તિગત ઈકો–ફ્રેન્ડલી વર્તનને જન ચળવળ બનાવીને મિશન લાઈફનો અમલ કરવામાં આવશે.

- તે પ્રયોગમૂલક અને માપી શકાય તેવા વિચારોને ક્રાઉડસોર્સ કરશે જેને મોટી સંખ્યામાં લોકો અપનાવી શકે છે.
- તે વિશ્વભરના સ્થાનિક આબોહવા–અનુકૂલિત સામાજિક ધોરણો અને ધાર્મિક માન્યતાઓનો પણ લાભ લેશે.

## અભિગમ

(1) વ્યક્તિગત વર્તન પર ધ્યાન કેન્દ્રિત

(2) વૈશ્વિક સ્તરે સહ–નિર્માણ

(3) સ્થાનિક સંસ્કૃતિનો લાભ લેવો

## ઉદ્દેશ્યો

મિશન Life અભિયાન અથવા Lifestyle for the Environment (Life) Movement એ પર્યાવરણને લગતી જાગૃત જીવનશૈલીને પ્રોત્સાહન આપે છે કે જે 'આસાન અને બગાડ'ને બદલે 'સભાન અને ઈરાદાપૂર્વક ઉપયોગ'ના સિદ્ધાંત પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

- મિશનની શરૂઆત સાથે પ્રવર્તમાન 'ઉપયોગ અને નિકાલ' અર્થતંત્ર, આડેધડ અને વિનાશક વપરાશ અને વહીવટને ચક્રીય અર્થતંત્ર દ્વારા બદલવામાં આવશે, જેને 'સભાન અને સ્વ ઉપયોગ' દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવશે.
- આ ચળવળનો ઉદ્દેશ સામૂહિક પગલાંની શક્તિનો ઉપયોગ કરવાનો છે અને વિશ્વભરના લોકોને તેમના રોજિંદા જીવનમાં સરળ આબોહવા–મૈત્રિપૂર્ણ પગલા લેવા માટે પ્રેરણા આપવાનો છે.
- આ મિશન વ્યક્તિઓના વૈશ્વિક નેટવર્કનું નિર્માણ અને સંવર્ધન કરવાની યોજના ધરાવે છે, જેનું નામ છે 'પ્રો–પ્લેનેટ પીપલ' (P3).

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- P3 પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી અપનાવવા અને તેને પ્રોત્સાહન આપવા માટે સહિયારી પ્રતિબદ્ધતા ધરાવશે.

નોંધ :(1) મિશન લાઈફના ભાગરૂપે ભારત સરકારે 75 જીવનશૈલી પદ્ધતિઓની સૂચિનું અનાવરણ કર્યુ છે. જે આબોહવા–મૈત્રિપૂર્ણ વર્તનને પ્રોત્સાહન આપી શકે છે.

(2) આ ક્રિયાઓ 7 શ્રેણીઓ હેઠળ સૂચિબદ્ધ છે. ઊર્જા બચત, પાણીની બચત, પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ, ટકાઉ ખાદ્ય પ્રણાલી, કચરો ઘટાડવો (સ્વચ્છતા ક્રિયાઓ), સ્વસ્થ જીવનશૈલી અપનાવવી અને ઈ–વેસ્ટ મેનેજમેન્ટ.



1. 'વિશ્વ બચત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 ઓક્ટોબર (B) 29 ઓક્ટોબર (C) 30 ઓક્ટોબર (D) 31 ઓક્ટોબર (C)

2. બ્રિટનના નવા વડાપ્રધાન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? (ઓક્ટોબર, 2022)

(A) શ્રી બોરિસ જોન્સન (B) શ્રી ઋષિ સુનક (C) શ્રી ડેવિડ કેમરોન (D) શ્રી ટોની બ્લેયર (B)

3. તાજેતરમાં શ્રી ઋષિ સુનક (અથવા શ્રી રિષિ સુનક) બ્રિટનના નવા વડાપ્રધાન બન્યા છે... તેમના પક્ષનું નામ જણાવો ?

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

(A) કન્ઝર્વેટિવ પાર્ટી (B) ડેમોક્રેટિક લેબર પાર્ટી

(C) ઈંગ્લિશ નેશનલ પાર્ટી (D) ઈંગ્લિશ લિબરલ ડેમોક્રેટિક્સ (A)

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ______ સ્થળેથી 'મિશન લાઈફ' અભિયાનની શરૂઆત કરી છે.

(A) સ્ટેચ્યુ ઓફ યુનિટી (B) કાઝિરંગા નેશનલ પાર્ક

(C) પુણે (D) વારાણસી (A)

**દિવસ મહિમા : 31 ઓક્ટોબર, (1) વિશ્વ શહેર દિવસ (World Cities Day)**
**(2) શ્રીમતી ઈન્દિરા ગાંધી પુણ્યતિથિ**
**(3) શ્રી સરદાર પટેલ જન્મદિન, રાષ્ટ્રીય એકતા દિવસ (National Unity Day)**

## રાષ્ટ્રીય એકતા દિવસ




ભારતમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન 31 ઓક્ટોબર 'રાષ્ટ્રીય એકતા દિન' તરીકે ઉજવાય છે.

- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારતમાં વર્ષ 2014થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- 31 ઓક્ટોબર, 2022ના રોજ ભારતમાં શ્રી સરદાર પટેલના 147માં જન્મદિનની ઉજવણી કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણી કરવા પાછળનું કારણ લોકોને એક કરવા અને સમાજના ઉત્થાન માટે તેમના વિચારોથી વાકેફ કરવાનો છે.
- રાષ્ટ્રીય અખંડિતતા અને એકતામાં સરદાર પટેલના યોગદાન વિશે જાગૃતિ ફેલાવવા માટે આ દિવસે 'રન ફોર યુનિટી' જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

## વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'



ગુજરાતના નર્મદા જિલ્લામાં સરદાર સરોવર ડેમ પાસે નિર્માણ પામેલી શ્રી સરદાર સાહેબની 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' નામની પ્રતિમાની મુખ્ય વિશેષતા એ છે કે આ પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે.

- તેની ઊંચાઈ 182 મીટર અથવા તો 597.113 ફૂટ છે. જે ગુજરાતની 182 વિધાનસભા બેઠકોને પ્રદર્શિત કરે છે.
- કુલ 182 મીટર ઊંચાઈની આ પ્રતિમામાં 25 મીટર ઊંચાઈની એક પીઠિકા બનાવવામાં આવી છે. અને આ પીઠિકા પર શ્રી સરદાર સાહેબની 157 મીટર ઊંચી પ્રતિમા બનાવવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વની કેટલીક પ્રસિદ્ધ પ્રતિમાઓની અંદાજિત ઊંચાઇ

| ક્રમ | નામ | દેશ | ઊંચાઇ (મીટરમાં) |
|---|---|---|---|
| 1 | સ્ટેચ્યુ ઓફ યુનિટી | ભારત | 182 |
| 2 | સ્પ્રિંગ ટેમ્પલ | ચીન | 153 |
| 3 | લેક્યૂન સેટક્યાર | મ્યાનમાર | 116 |
| 4 | ઉશિકુ દાયબુત્સુ | જાપાન | 110 |
| 5 | સ્ટેચ્યુ ઓફ લિબર્ટી | અમેરિકા | 97 |
| 6 | ધી ગ્રેટ બુદ્ધા | થાઈલેન્ડ | 91 |
| 7 | ધ મધરલેન્ડ કોલ્સ | રશિયા | 87 |

નોંધ : (1) સ્ટેચ્યુ ઓફ યુનિટી અમેરિકાના ન્યુયોર્કની સ્ટેચ્યુ ઓફ લિબર્ટીથી લગભગ બમણી ઊંચાઈ ધરાવે છે.

(2) સ્ટેચ્યુ ઓફ યુનિટી બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે આવેલી ધ સ્ટેચ્યુ ઓફ ક્રાઈસ્ટ ધ રેડીમર કરતાં પાંચ ગણી વધુ ઊંચી છે.

(3) સરદાર સરોવર બંધ કરતાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઊંચાઈ લગભગ દોઢ ગણી છે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીનું સ્થળ

સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ વિંધ્યાચલ અને સાતપૂડાની ગિરિમાળા વચ્ચે સરદાર સરોવર બંધથી 3.2 કિ.મી. દૂર નર્મદા નદીની મધ્યમાં સાધુ બેટ પર કરવામાં આવ્યું છે.

- આ સ્થળ ગુજરાતમાં નર્મદા જિલ્લાના અગાઉના નાંદોદ અને હવે નવ રચિત ગરુડેશ્વર તાલુકાના કેવડિયા અથવા તો કેવડિયા કોલોની કે પછી ગરુડેશ્વર ગામ પાસે આવેલું છે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ

સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણની જાહેરાત સૌપ્રથમ 7 ઓક્ટોબર, 2010ના રોજ થઈ હતી.

- ત્યારબાદ 31 ઓક્ટોબર, 2013ને 138મી શ્રી સરદાર જયંતીના રોજ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તેનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ અને એના બાંધકામના પ્રચાર માટે ગુજરાત સરકાર દ્વારા ડિસેમ્બર, 2013 દરમિયાન 'સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ' (SVPRET)ની રચના કરવામાં આવી હતી.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ માટે પ્રારંભિક રૂા. 3,001 કરોડનો ખર્ચ થવાનો અંદાજ હતો.

- આ સ્ટેચ્યુના નિર્માણ કાર્યનો વર્ક ઓર્ડર 27 ઓક્ટોબર, 2014ના રોજ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આશરે રૂા. 2,989 કરોડના ખર્ચે લાર્સન એન્ડ ટુબ્રો (L & T) નામની કંપનીને આપ્યો હતો.
- શ્રી સરદાર સાહેબની આ પ્રતિમાના મુખ્ય ડિઝાઈનર (અથવા તો એન્જિનિયર) શ્રી રામ વાનજી સુથાર નામના શિલ્પકાર હતા.
- શ્રી રામ વી. સુથારનો જન્મ મહારાષ્ટ્રમાં થયો હતો. અને તેમને વર્ષ 1999માં પદ્મશ્રી અને 2016માં પદ્મ ભૂષણ પુરસ્કાર તથા વર્ષ 2016નો ટાગોર સાંસ્કૃતિક સમરસતા પુરસ્કાર એનાયત થયા હતા.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીનું બાંધકામ

સ્ટેચ્યુ ઓફ યુનિટીના બાંધકામ માટે લગભગ 46 મહિનાનો સમય લાગ્યો હતો. 46 મહિનાના આ બાંધકામ સમય સહિત કુલ 5 વર્ષમાં આ સ્ટેચ્યુનું નિર્માણ કરવામાં આવ્યું છે.

- આ સ્મારકના નિર્માણમાં 70 હજાર ટન સિમેન્ટ વાપરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત તેમાં 18,500 ટન રિ–ઈન્ફોર્સમેન્ટ સ્ટીલ અને 6000 ટન સ્ટ્રક્ચરલ સ્ટીલનો ઉપયોગ કરાયો છે.
- જ્યારે આ સ્ટેચ્યુના નિર્માણમાં 1700 મેટ્રીક ટન કાંસાનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.
- આ વિશિષ્ટ સ્મારકના નિર્માણ માટે 250 ઈજનેરો અને 3700 કારીગરોએ દિવસ–રાત કામ કર્યું છે.
- સ્ટીલ, કોંક્રીટથી બનેલી આ પ્રતિમા પર કાંસાનું આવરણ છે. કાંસ્ય આવરણથી આ પ્રતિમા વધુ અલૌકિક ભાસે છે.

નોંધ : (1) પ્રવાસીઓની સરળતા માટે 'સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ' (SVPRET) દ્વારા ઓનલાઈન ટિકિટ બુકિંગ માટે www.soutickets.in નામની એક વેબસાઈટ પણ લોન્ચ કરવામાં આવી છે.

(2) હાલ જે સ્થળે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ થયું છે તે સ્થળ ભારતની આઝાદી અગાઉ 'રાજપીપળા સ્ટેટ'નો એક ભાગ હતો.

(3) આઝાદી બાદ સત્તાવાર રીતે 10 જૂન, 1948ના રોજ રાજપીપળા સ્ટેટનું મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ થયું હતું.

(4) એ સમયે 'રાજપીપળા સ્ટેટ'ના શાસક શ્રી વિજયસિંહજી હતા. શ્રી વિજયસિંહજી, ગોહિલ વંશના 37મા રાજવી હતા.

(5) સ્ટેચ્યુ ઓફ યુનિટીની પાયા સાથેની ઊંચાઈ 240 મીટર એટલે કે લગભગ 790 ફૂટ છે.

(6) સ્ટેચ્યુ ઓફ યુનિટીની વેબસાઈટનું નામ 'www.statueofunity.in' છે.

(7) આ પ્રતિમા ભૂકંપના ઝોન-3માં આવેલી છે. તેમ છતાં પ્રતિમાના કદને ધ્યાનમાં રાખીને તેની ડિઝાઈન ભૂકંપના ઝોન-4 પ્રમાણે બનાવવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ

## જન્મ અને પરિવાર

અખંડ ભારતના શિલ્પી, ભારતના બિસ્માર્ક, લોખંડી પુરૂષ તથા ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન શ્રી વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોબર, 1875ના રોજ તેમના મોસાળ નડિયાદમાં થયો હતો.

- જોકે તેમની સાચી જન્મ તારીખ વિશે કોઈ નક્કર માહિતી ઉપલબ્ધ નથી, પણ મેટ્રિકની પરીક્ષામાં તેમણે તેમની જન્મતારીખ 31 ઓક્ટોબર લખાવી હતી. આથી તેમની જન્મ તારીખ 31 ઓક્ટોબર હોવાનું માનવામાં આવે છે.
- શ્રી સરદાર પટેલનો જન્મ ખેડા જિલ્લાના નડિયાદ ખાતે થયો હતો, જ્યારે તેમનું વતન ખેડા જિલ્લાના આણંદ તાલુકાનું કરમસદ ગામ હતું.
- તેમના પિતાશ્રીનું નામ શ્રી ઝવેરભાઈ હતું અને તેમના માતાનું નામ લાડબાઈ હતું.
- શ્રી સરદાર પટેલ તેમના માતા–પિતાના ચોથા સંતાન હતા.
- શ્રી ઝવેરભાઈ પટેલ અને લાડબાઈને છ સંતાનો હતા. તેમના આ છ સંતાનોના નામ આ પ્રમાણે છે : (1) શ્રી સોમાભાઈ (2) શ્રી નરસિંહભાઈ (3) શ્રી વિઠ્ઠલભાઈ (4) શ્રી વલ્લભભાઈ (5) શ્રી કાશીભાઈ અને (6) ડાહીબા.
- શ્રી સરદાર પટેલના પત્નીનું નામ ઝવેરબા હતું.
- તેમના પુત્રીનું નામ મણિબેન અને પુત્રનું નામ શ્રી ડાહ્યાભાઈ હતું. તેમજ તેમના પૌત્રનું નામ ગૌતમ હતું.

નોંધ : શ્રી સરદાર પટેલના પિતા શ્રી ઝવેરભાઈ પટેલ 1887ના વિપ્લવમાં ઝાંસીની રાણીના લશ્કરમાં જોડાઈને અંગ્રેજો સામે લડયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અભ્યાસ

શ્રી વલ્લભભાઈ પટેલનો સાત ધોરણ સુધીનો અભ્યાસ કરમસદની ગુજરાતી પ્રાથમિક શાળામાં જ થયો હતો.

- તેમના અભ્યાસની શરૂઆત ઈ.સ. 1882માં સાતેક વર્ષની ઉંમરે થઈ હતી.
- તેમણે ઈ.સ. 1888માં સાતમું ધોરણ પાસ કર્યું હતું.
- ત્યારબાદ અંગ્રેજી શિક્ષણ મેળવવા માટે તેમણે પેટલાદની સ્કૂલમાં એડમિશન લીધું હતું.
- તેમણે ધોરણ ચાર સુધીનું અંગ્રેજી શિક્ષણ પેટલાદમાં લીધું હતું.
- જ્યારે તેઓ અંગ્રેજીના ચોથા ધોરણમાં હતા ત્યારે ઝવેરબા સાથે તેમના લગ્ન થયા હતા. એ સમયે તેમની ઉંમર 18 વર્ષની હતી.
- ત્યારબાદ અંગ્રેજીના પાંચમા ધોરણના અભ્યાસ માટે તેઓ નડિયાદ આવે છે. જ્યાં નડિયાદની સ્કૂલમાં તેમણે હડતાલ પણ કરાવી હતી.

- ત્યારબાદ અંગ્રેજીના છઠ્ઠા ધોરણના અભ્યાસ માટે તેઓ વડોદરા આવ્યા. અંગ્રેજીના છઠ્ઠા ધોરણમાં તેમણે પહેલાં સંસ્કૃત વિષય પસંદ કરેલો અને પાછળથી તેમણે ગુજરાતી વિષય રાખ્યો હતો.એ સમયે તેમના ગુજરાતીના શિક્ષક શ્રી છોટાલાલ માસ્તર હતા.
- શ્રી છોટાલાલ માસ્તરે શ્રી વલ્લભભાઈ પટેલને શિક્ષા રૂપે 200 પાડા લખવા આપ્યા હતા. અને શ્રી છોટાલાલ માસ્તરે 200 પાડા માંગ્યા તો શ્રી સરદાર પટેલે જવાબ આપ્યો કે,

  "હું બસ્સો પાડા લાવેલો પણ બે પાડા મારકણા હતા
  તે શાળાના ઝાંપે ઝઘડયા અને એમાં બાકીના પાડા પણ નાસી ગયા !!!
- આથી, શ્રી છોટાલાલ માસ્તરે શ્રી વલ્લભભાઈ પટેલને એક દિવસ પછી બસ્સો પાડા લખી લાવવા ચેતવણી આપી.
- બીજે દિવસે શ્રી વલ્લભભાઈ એક કાગળમાં 'બસ્સો પાડા' એવું લખીને ગયા. આથી શ્રી છોટાલાલ માસ્તર ગુસ્સે થયા અને શ્રી વલ્લભભાઈને આચાર્ય સાહેબ સમક્ષ પેશ કર્યા.
- શ્રી વલ્લભભાઈ પટેલે ઘટનાની અસરકારક રજૂઆત કરી અને તેઓ નિર્દોષ હોવાથી આચાર્ય સાહેબે તેમને 'બાઈજ્જત રિહા કરી દીધા. વડોદરામાં તેઓ 'ધી થર્ટી ફાઈવ' નામના વિદ્યાર્થીઓના એક ગ્રૂપના સભ્ય પણ હતા. અને તેઓ વડોદરામાં કમાટીબાગના રામજી મંદિરમાં છાત્રાલય ખોલીને રહેતા હતા.
- શ્રી વલ્લભભાઈ અંગ્રેજીના સાતમા ધોરણના અભ્યાસ માટે વડોદરાની શાળા છોડીને ફરીથી નડિયાદની શાળામાં સાતમા ધોરણમાં દાખલ થયા.
- તેઓ ગણિતમાં કાચા હોવાથી પ્રથમ પ્રયાસે મેટ્રિકની પરીક્ષા પાસ ન કરી શકયા. ત્યારબાદ 1897માં બીજા પ્રયત્ને તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી, એ સમયે તેમની ઉંમર 22 વર્ષની હતી.
- ત્યારબાદ તેમણે ઈ.સ. 1900માં ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા આપી અને તેમણે પ્રથમ પ્રયત્ને એ પરીક્ષા પાસ કરી.
- આ પરીક્ષા પાસ કર્યા બાદ તેમણે ગોધરામાં વકીલાત અને ઘરસંસારની શરૂઆત કરી.

## વકીલાત અને બેરિસ્ટર તરીકેની કારકિર્દી

શ્રી વલ્લભભાઈ પટેલે વકીલાત તરીકેની કારકિર્દીનો પ્રારંભ ગોધરાથી કર્યો હતો. અને ગોધરાના બાર (વકીલ મંડળ)માં નામ નોંધાવ્યું હતું.

- આ સમયે ગોધરામાં બ્યુબોનિક પ્લેગનો રોગચાળો ફાટી નીકળ્યો હતો. ત્યારે આ રોગથી ગ્રસ્ત મિત્રની સેવા કરતા શ્રી સરદાર પટેલ પોતે પણ આ રોગનો ભોગ બન્યા હતા.
- ગોધરા બાદ શ્રી સરદાર પટેલે ઈ.સ. 1902માં બોરસદમાં આવીને વકીલાતનો પ્રારંભ કર્યો, જ્યાં તેમણે ખેડા જિલ્લાના નામાંકિત વકીલ તરીકેની નામના મેળવી હતી.
- ગોધરા અને બોરસદ ઉપરાંત શ્રી સરદાર પટેલે આણંદમાં પણ વકીલાત કરી હતી.
- અને વકીલાત કરીને જ્યારે તેમણે ઈંગ્લેન્ડ જઈને ભણવા જેટલા પૈસા ભેગા કરી લીધા ત્યારે તેમણે ત્યાં જવા માટે પરવાનો તેમજ ટિકિટ બુક કરાવી.

- આ ટિકિટ વી. જે. પટેલના સંક્ષિપ્ત નામે તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલને ત્યાં આવી.
- શ્રી વિઠ્ઠલભાઈની પણ ઈંગ્લેન્ડ જઈ ભણવાની યોજના હતી. અને તેથી તેમણે પોતાની યોજનાની જાણ કરી. આથી, શ્રી વલ્લભભાઈએ તેમના મોટા ભાઈને તેમની જગ્યાએ જવા દીધા. અને તેમનો ઈંગ્લેન્ડ ખાતેનો ખર્ચ પણ ઉપાડયો અને પોતાના ધ્યેય માટે બચત કરવા માંડી.
- 1909માં શ્રી વલ્લભભાઈના પત્નીને કેન્સરના ઈલાજ માટે મુંબઈની હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં તેમનું નિધન થયું હતું.
- શ્રી વલ્લભભાઈ પટેલને જ્યારે આ સમાચારની જાણ કરવામાં આવી ત્યારે તેઓ એક પ્રતિષ્ઠિત વ્યક્તિને ખૂન કેસમાંથી બચાવવા માટે આણંદની કોર્ટમાં કેસ લડી રહ્યા હતા. આ સમાચાર મળવા છતાં તેમણે કેસ લડવાનું ચાલુ રાખ્યું અને કેસ પૂરો થયા બાદ તેમણે આ સમાચારની જાણ અન્ય વ્યક્તિઓને કરી.
- તેઓ માત્ર 33 વર્ષની ઉંમરે વિધુર થયા હતા. આથી તેમને બીજા લગ્ન કરવા માટે મિત્રો દ્વારા સતત આગ્રહ થતો. પરંતુ તેઓ સંતાનોને સાવકી મા આપવા માગતા ન હતા. આથી તેમણે બીજી વખત લગ્ન ન કર્યા.
- ત્યારબાદ ઈ.સ. 1910માં પુત્રી મણિબહેન અને પુત્ર ડાહયાભાઈને મુંબઈની સેન્ટ મેરિઝ સ્કૂલમાં મિસ વિલ્સનને ત્યાં 'બોર્ડર' છાત્રા તરીકે મૂકી તેઓ વિલાયત ગયા.
- અને 1913 સુધીમાં ઈંગ્લેન્ડમાં બેરીસ્ટરનો અભ્યાસ પૂર્ણ કરીને ભારત પાછા ફર્યા.
- તેમણે બેરિસ્ટર બનવા માટે ઈંગ્લેન્ડમાં લંડનની 'મિડલ ટેમ્પલ ઈન્ન'માં એડમિશન લીધું હતું.
- ત્યાં તેમણે 36 મહિનાનો અભ્યાસક્રમ 30 મહિનામાં પૂરો કર્યો અને વર્ગમાં પ્રથમ સ્થાને આવ્યા. આ માટે તેમને 50 પાઉન્ડનું ઈનામ મળ્યું અને બે ટર્મની માફી મળી.
- ભારત પાછા આવી તેઓ અમદાવાદમાં સ્થાયી થયા અને શહેરના એક નામાંકિત બેરિસ્ટર બન્યા.
- તેઓ બ્રિજ રમતના માહેર ખેલાડી પણ થયા.
- ઈ.સ. 1918માં ગાંધીજી સાથે ખેડા સત્યાગ્રહમાં જોડાયા બાદ તેઓ વકીલાતનો વ્યવસાય બંધ કરે છે.

## અમદાવાદ સુધરાઈના સભ્ય

અમદાવાદના સુધરાઈના સભ્ય શ્રી અહમદમિંયાસર્ફુદીનનું અવસાન થતાં આ બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં 1917માં શ્રી સરદાર પટેલ અમદાવાદ શહેરના સ્વચ્છતા વિભાગના અધિકારી તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

## આઝાદીની લડતમાં

મહાત્મા ગાંધીજીએ જ્યારે ચંપારણ વિસ્તારના શોષિત ખેડૂતો માટે બ્રિટિશ સામ્રાજ્યની અવમાન્યા કરી ત્યારથી શ્રી વલ્લભભાઈ પટેલ તેમનાથી પ્રભાવિત થયા હતા.

- તેઓ સૌપ્રથમ નવેમ્બર 1917માં ગોધરામાં આયોજિત ગુજરાત રાજનૈતિક મહાસભામાં ગાંધીજીને મળ્યા હતા.
- ત્યારબાદ ગાંધીજીના કહેવાથી તેઓ 'ગુજરાત સભા'ના સચિવ બન્યા.
- આગળ જઈને આ 'ગુજરાત સભા'નું ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની ગુજરાતની શાખામાં પરિવર્તન થયું.

## ખેડા સત્યાગ્રહ

1918માં ખેડા જિલ્લાના ખેડૂતોને કરમાંથી મુક્તિ અપાવવા માટે થયેલા સત્યાગ્રહ દરમિયાન ગાંધીજી ચંપારણ સત્યાગ્રહમાં વ્યસ્ત હોવાને કારણે તેમણે આ સત્યાગ્રહમાં જોડાવા શ્રી સરદાર પટેલને આમંત્રણ આપ્યું.

- આ સત્યાગ્રહ શ્રી સરદાર પટેલનો પ્રથમ સત્યાગ્રહ હતો.
- જેમાં તેમણે ખેડૂતોને મહેસૂલ ન ભરવાની પ્રતિજ્ઞા અપાવી હતી.
- આ સત્યાગ્રહ બાદ શ્રી સરદાર પટેલ ગુજરાતીઓના નાયક તરીકે ઉભરી આવ્યા.

## અસહકારની ચળવળ

શ્રી સરદાર પટેલ 1920માં નવ રચિત 'ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ'ના અધ્યક્ષ તરીકે ચૂંટાયા અને 1945 સુધી આ પદ પર રહયા.

- ગાંધીજીની અસહકારની ચળવળમાં શ્રી સરદાર પટેલે સમગ્ર ગુજરાતમાં પ્રવાસ કરી 3 લાખ સભ્યો ભરતી કર્યા અને તેમણે રૂા. 15 લાખનું ભંડોળ પણ ઉભું કર્યું.
- તેમણે અમદાવાદમાં અંગ્રેજી વસ્તુઓની હોળીઓ કરવામાં મદદ કરી અને તેમાં પોતાના અંગ્રેજી શૈલીના બધા કપડા બાળી નાખ્યા.
- અને આ અસહકાર ચળવળ દરમિયાન જ તેમણે પુત્રી મણિબેન તથા પુત્ર ડાહ્યાભાઈ સાથે સંપૂર્ણ ખાદી પહેરવાનું શરૂ કર્યું.

## અમદાવાદ સુધરાઈના અધ્યક્ષ

શ્રી સરદાર પટેલ 1922, 1924 અને 1927માં અમદાવાદ સુધરાઈના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા.

- તેમના કાર્યકાળ દરમિયાન વીજળી, શિક્ષણ તથા જળ–કચરાની નિકાસની વ્યવસ્થાના મહત્ત્વના કાર્યો થયા.
- 1927માં અમદાવાદ શહેર તથા ખેડા જિલ્લામાં અનરાધાર વરસાદને કારણે આવેલા પૂરમાં સહાયતા અભિયાનનું સફળ સંચાલન કર્યું.

## નાગપુર (ઝંડા) સત્યાગ્રહ

એપ્રિલ 1923માં નાગપુરના સિવિલ લાઈન્સ વિસ્તારમાંથી રાષ્ટ્રધ્વજ સાથે સરઘસ કાઢવા માટે અંગ્રેજ સરકારે મનાઈ ફરમાવી હતી.

- ત્યારે ગાંધીજી જેલમાં હતા અને અંગ્રેજોના ભારતીય ધ્વજ ન ફરકાવવાના આ કાયદા સામે સત્યાગ્રહ કરવાનું નક્કી થયું.
- જેમાં કોંગ્રેસીઓએ શ્રી સરદાર પટેલને નાગપુરમાં સત્યાગ્રહની આગેવાની કરવા કહ્યું.
- અને શ્રી સરદાર પટેલે દેશભરમાંથી હજારો સ્વયં સેવકો એકઠા કરીને ધ્વજવંદનનું આયોજન કર્યું. અને વાટા ઘાટો દ્વારા બંદીઓની મુક્તિ કરાવી તથા રાષ્ટ્રધ્વજ સાથે રાખીને સરઘસ કાઢવાની પરવાનગી પણ મેળવી.

## બોરસદ સત્યાગ્રહ

ખેડા જિલ્લામાં બહારવટિયાઓનો ત્રાસ દૂર કરવા અંગ્રેજ સરકાર દ્વારા પોલીસ ટુકડી રાખવામાં આવી. અને એ પોલીસ ટુકડીનો ખર્ચ બોરસદ તાલુકાની પ્રજા પાસેથી મેળવવા રૂા. 2,40,074નો વેરો નાખવામાં આવ્યો.

- અને પુખ્ત વયના દરેક સ્ત્રી–પુરુષો પાસેથી માથાદીઠ રૂા. 2 રૂપિયા અને 7 આનાનો વેરો લેવાનું નક્કી કરવામાં આવ્યું.
- લોકોએ આ દંડરૂપી વેરાને "હૈડિયાવેરો" એવું નામ આપ્યું.
- અંગ્રેજ સરકારના આ નિર્ણયની સામે સત્યાગ્રહ થયો.
- જેમાં જેલવાસને કારણે ગાંધીજીની ગેરહાજરીમાં શ્રી સરદાર વલ્લભભાઈના સીધા માર્ગદર્શન હેઠળ આ સત્યાગ્રહ 38 દિવસ (તા. 2/12/1923 થી 8/1/1924 સુધી) ચાલ્યો. અને શ્રી સરદાર પટેલે આ વેરો માફ કરાવ્યો.
- આ સત્યાગ્રહના વિજય સંદર્ભે ગાંધીજીએ શ્રી સરદાર પટેલને 'બોરસદના રાજા' તરીકે બિરદાવ્યા હતા.

## બારડોલી સત્યાગ્રહ

ઈ.સ. 1928માં મુંબઈ સરકાર દ્વારા દુષ્કાળ હોવા છતાં બારડોલી તાલુકાના મહેસૂલમાં 22 ટકાનો જંગી વધારો કરવામાં આવ્યો હતો.

- સરકારના આ અન્યાયી નિર્ણય સામે શ્રી સરદાર પટેલના નેતૃત્વમાં બારડોલી સત્યાગ્રહનું સફળ આયોજન થયું અને તેમાં પ્રજાનો વિજય થયો.
- આ સત્યાગ્રહ બાદ બારડોલીની મહિલાઓ તરફથી ગાંધીજીએ શ્રી વલ્લભભાઈ પટેલને 'સરદાર'નું બિરુદ આપ્યું અને તેઓ 'સરદાર' કહેવાયા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાસ ગામ સત્યાગ્રહ

ખેડા જિલ્લાના બોરસદ તાલુકાના રાસ ગામના વડ વૃક્ષ નીચેથી 7 માર્ચ, 1930ના રોજ દાંડીયાત્રા પૂર્વે શ્રી સરદાર પટેલની પ્રથમ વખત ધરપકડ થઈ હતી.

- આ ગામ "ના કર" આંદોલનમાં બ્રિટિશ રાજ સામે ભારતની 1930ની લડતનો આરંભ કરવામાં અગ્રેસર રહ્યું હતું.
- જેમાં અંગ્રેજ સરકારે ગામ લોકોની જમીન પણ કબજે કરી લીધી હતી.
- આથી, શ્રી સરદાર પટેલે ખેડૂતોને વચન આપ્યું હતું કે, "તમારી જમીન તમારા ઘરનો દરવાજો ખટખટાવતી પાછી આવશે." અને તેમણે આ વચન પાળી બતાવ્યું હતું.

## માણસા સત્યાગ્રહ

માણસામાં 1938માં થયેલા સત્યાગ્રહમાં શ્રી સરદાર પટેલે રણભૂમિમાં પગ મૂકયા વગર મુત્સદ્દીગીરીપૂર્વક રાજાશાહી રાજ્યમાં મહેસૂલી કર માફ કરાવ્યો હતો.

- અહીં શ્રી સરદાર પટેલે ખેડૂતોની દોરવણી માટે "ખેડૂત સભા"ની રચના કરી હતી.

## કોંગ્રેસનું નેતૃત્વ

શ્રી સરદાર પટેલ 1931માં કોંગ્રેસના કરાંચી અધિવેશનના પ્રમુખ હતા.

- આ અધિવેશનમાં કોંગ્રેસે નીચેના મુદ્દાઓ પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરીને સમજૂતીને બહાલી આપી હતી :

(1) મૂળભૂત હક્કો અને માનવીય સ્વતંત્રતાઓ (2) બિનસાંપ્રદાયિક દેશ માટેની કલ્પના

(3) ન્યૂનત્તમ વેતનની બહાલી (4) અસ્પૃશ્યતા તથા ખેતગુલામી નાબૂદ કરવી.

- ત્યારબાદ શ્રી સરદાર પટેલે 1934 અને 1937માં અખિલ ભારતીય ચૂંટણી માટેના કોંગ્રેસી પ્રચારનું નેતૃત્વ કર્યું હતું.

## ગાંધીજી સાથે યરવાડા જેલમાં

જાન્યુઆરી 1932માં શ્રી સરદાર પટેલ અને મહાત્મા ગાંધીજીની ધરપકડ કરવામાં આવી અને તેમને યરવાડા જેલમાં રાખવામાં આવ્યા.

- યરવાડા જેલમાં ગાંધીજીએ શ્રી સરદાર પટેલને સંસ્કૃત ભાષા શીખવી હતી.
- પછીથી શ્રી સરદાર પટેલને નાસિક જેલમાં ખસેડવામાં આવ્યા હતા.
- અને તેઓ જ્યારે નાસિક જેલમાં હતા ત્યારે 1934માં તેમના મોટાભાઈ શ્રી વિઠ્ઠલભાઈના દેહાંત બાદ તેમની અંતિમ ક્રિયામાં ભાગ લેવા બ્રિટિશ સરકારે તેમને થોડા દિવસો માટે મુક્ત કરવાની તૈયારી બતાવી હતી તેમ છતાં તેમણે તે સ્વીકારી ન હતી.

## ભારત છોડો આંદોલન

ભારત છોડો આંદોલન સમયે શ્રી સરદાર પટેલ ખુલ્લા બળવાની તરફેણમાં હતા.

- અને ગાંધીજીએ અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ ઉપર આ બળવાને સ્વીકૃતિ આપવા દબાણ કર્યું કે જેને પરિણામે સમિતિએ 7 ઓગસ્ટ, 1942ના રોજ અસહકાર ચળવળને મંજૂરી આપી હતી.
- 7 ઓગસ્ટ, 1942ના રોજ શ્રી સરદાર પટેલે મુંબઈના ગોવાળિયા ટેન્ક મેદાનમાં 1 લાખ લોકો સમક્ષ કરેલું ભાષણ ભારતમાં 'હિંદ છોડો ચળવળ' માટે પ્રેરણા સ્ત્રોત બની રહ્યું હતું.
- ત્યારબાદ 9 ઓગસ્ટ, 1942ના રોજ શ્રી સરદાર પટેલ સહિત સંપૂર્ણ કોંગ્રેસ કાર્યકારી સમિતિની ધરપકડ કરવામાં આવી અને 15 જૂન, 1945 સુધી તેમને અહમદનગર કિલ્લાના કારાવાસમાં બંદી તરીકે રાખવામાં આવ્યા.
- 15 જૂન, 1945ના રોજ શ્રી સરદાર પટેલને જ્યારે જેલમુક્ત કરવામાં આવ્યા ત્યારે તેમણે જાણ્યું કે, અંગ્રેજો ભારતીયોને સત્તા સોંપવાના પ્રસ્તાવ ઉપર કામ કરી રહયા હતા.

## વડાપ્રધાન પદનો ત્યાગ

1946માં કોંગ્રેસના પ્રમુખપદની ચૂંટણીમાં શ્રી સરદાર પટેલે શ્રી જવાહરલાલ નહેરુની તરફેણમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી.

- આ ચૂંટણીનું મહત્ત્વ એ હતું કે એમાં ચૂંટાઈ આવનાર પ્રમુખ, સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન બનવાના હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આ ઉપરાંત જ્યારે ગાંધીજીએ ભારતના 16 રાજ્યોના પ્રતિનિધિઓ તથા કોંગ્રેસને યોગ્ય ઉમેદવાર નીમવા જણાવ્યું ત્યારે 16માંથી 13 પ્રતિનિધિઓએ શ્રી સરદાર પટેલનું નામ સૂચવ્યું હતું.
- તેમ છતાં શ્રી સરદાર પટેલે ગાંધીજીની ઈચ્છાને માન આપીને ભારતના પ્રથમ વડાપ્રધાન બનવાની તક જતી કરી હતી.
- અને તેમણે સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન બનીને ભારત સરકારના ગૃહમંત્રાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની જવાબદારી સંભાળી હતી.

## ભારતનું વિભાજન

આઝાદી સમયે અવિભાજિત ભારતના તમામ વિસ્તારો બે ભાગમાં વહેંચાયેલા હતા : (1) અંગ્રેજોના શાસન હેઠળનો વિસ્તાર અને (2) 600થી વધુ રાજા–રજવાડાઓનો વિસ્તાર.

- આ સમયે ભારતીય સમાજનું નેતૃત્વ મુખ્યત્વે બે રાજકીય પાર્ટીઓ દ્વારા થતું હતું : (1) કોંગ્રેસ અને (2) મુસ્લિમ લીગ.
- જેમાંથી ભારતના મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં મુસ્લિમ લીગને સમર્થન હતું. અને ભારતના અન્ય વિસ્તારોમાં કોંગ્રેસને સમર્થન હતું.
- આ સમયે મુસ્લિમ લીગ દ્વારા મુસ્લિમો માટે અલગ પાકિસ્તાનની માંગ કરવામાં આવી.
- આઝાદી સમયે ભારતનું વિભાજન ભારતના મોટા ભાગના નેતાઓને પસંદ ન હતું. આથી, મહાત્મા ગાંધીજી તથા શ્રી જવાહરલાલ નહેરુ સહિતના નેતાઓએ તેનો વિરોધ કર્યો હતો.
- જોકે, શ્રી સરદાર પટેલે તેનો સ્વીકાર કર્યો હતો. અને તેની પાછળનું કારણ એ હતું કે, એ સમયે ભારતીય નેતાગીરી સામેનો મુખ્ય પ્રશ્ન 600 જેટલા રાજા–રજવાડાઓને એક શાસન નીચે લાવવાનો હતો.
- અને એ માટે ભારતમાં એક સશક્ત સરકારની આવશ્યકતા હતી.
- જો મુસ્લિમ લીગની માંગણી ન સ્વિકારવામાં આવે તો ભારતમાં મુસ્લિમ લીગની સામેલગીરી વાળી વિભાજીત અને નબળી સરકાર અસ્તિત્વમાં આવે.પરિણામે, ભારતના 600 જેટલા રજવાડાઓને પોતપોતાની સ્વતંત્રતા મેળવવા માટે પ્રોત્સાહન મળી રહે અને ભારતના એક નહિ પરંતુ અનેક ભાગલા થઈ જાત.
- શ્રી સરદાર પટેલના શબ્દોમાં કહીએ તો –

> "કોઈને ભારતના ભાગલા થાય તે ગમતું નથી.
> મારું હૃદય પણ ભારે છે. પણ અત્યારે પસંદગી એક ભાગલા કે પછી ઘણા ભાગલાઓ
> વચ્ચે છે. આપણે તથ્યોનો સામનો કરવો જોઈએ.
> આપણે ભાવનાત્મકતા તથા લાગણી પ્રધાનતાને આધીન ન થવું જોઈએ."

- આ ઉપરાંત ભારત–પાકિસ્તાનના વિભાજન દરમિયાન પંજાબ તેમજ બંગાળના હિંદુ બહુમતીવાળા ક્ષેત્રોનો પણ પાકિસ્તાનમાં સમાવેશ કરવામાં આવે તેવી શ્રી મોહમ્મદ અલી જિન્હાની માંગણીનો શ્રી સરદાર પટેલે સખત વિરોધ કર્યો હતો અને તેને પાકિસ્તાનમાં જતા અટકાવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારત–પાકિસ્તાનના ભાગલા સમયે ફાટી નીકળેલ કોમી રમખાણો દરમિયાન તેમણે દિલ્હીના શ્રી નિઝામુદ્દિન ઔલિયા વિસ્તારમાં રહેતા હજારો મુસ્લિમોને કોમી રમખાણોથી બચાવવા માટે આ વિસ્તારની દરગાહમાં જઈને પ્રાર્થના કરી હતી, તેમજ લોકોને મળીને મજબૂત પોલીસ વ્યવસ્થા કરી હતી.
- આ સમયે દિલ્હી તેમજ પંજાબની પોલીસ પર પણ મુસ્લિમો પર હુમલા કરવાના આરોપ થતા હતા. આથી શ્રી સરદાર પટેલે દક્ષિણ ભારતથી સેનાની ટુકડીઓ મંગાવી તેમને કડક સંચારબંદી લાગુ કરવા તેમજ દેખો ત્યાં ઠાર કરવાના આદેશો આપ્યા હતા.

## રજવાડાઓનું વિલીનીકરણ

ભારત–પાકિસ્તાનના ભાગલા બાદ અવિભાજિત ભારતના 600 જેટલા રજવાડાઓમાંથી ભારતમાં 560થી વધુ રજવાડાઓ અસ્તિત્વમાં હતા.

- આ સમયે ભારતનો વિસ્તાર બે ભાગમાં વહેંચાયેલો હતો : (1) અંગ્રેજોના શાસન હેઠળનો વિસ્તાર અને (2) 560થી વધુ રાજા–રજવાડાઓનો વિસ્તાર.
- જેમાંથી આઝાદી બાદ અંગ્રેજોના શાસન હેઠળનો વિસ્તાર ભારત સરકારને સોંપવામાં આવ્યો હતો.
- આ સમયે લોર્ડ માઉન્ટબેટનની યોજના પ્રમાણે બ્રિટનની પાર્લામેન્ટમાં 18 જુલાઈ, 1947ના રોજ એક ખરડો પસાર કરવામાં આવ્યો.
- આ કાયદો 'હિંદ સ્વતંત્ર ધારો 1947' તરીકે ઓળખાયો.
- આ કાયદાની કલમ-7માં દેશી રાજ્યો અંગે જોગવાઈ કરવામાં આવી હતી. જેની મુખ્ય જોગવાઈ આ પ્રમાણે હતી :
  (1) દેશી રાજાઓ સાથેના તમામ કોલકરારો, સંધિઓ તથા બ્રિટિશ સરકારના આધિપત્યનો 15 ઓગસ્ટ, 1947 સુધીમાં અંત આવશે.
  (2) દેશી રાજ્યો ભારત કે પાકિસ્તાન બેમાંથી કોઈપણ દેશ સાથે જોડાઈ શકશે અથવા તો સ્વતંત્ર રહી શકશે.
- આ જાહેરાત અને 15 ઓગસ્ટ, 1947 વચ્ચે પૂરા એક મહિનાનો પણ સમય ન હતો.
- આ સમય દરમિયાન ભારતમાં 560થી વધુ રજવાડાઓને ભારત સાથે જોડવા માટે લોર્ડ માઉન્ટ બેટનની સલાહથી ભારતમાં 'રાજ્ય મંત્રાલય' નામના એક નવા જ મંત્રાલયની રચના કરવામાં આવી.
- ભારતમાં દેશી રાજ્યોના વિલીનીકરણની અતિ કપરી જવાબદારી શ્રી સરદાર પટેલને સોંપવામાં આવી અને તેમને આ 'રાજ્ય મંત્રાલય'ના પ્રધાન બનાવવામાં આવ્યા. તથા શ્રી વી. પી. મેનન આ મંત્રાલયના સેક્રેટરી બન્યા.
- જોકે, આ સમસ્યાને અગાઉથી જ પારખી ગયેલા શ્રી સરદાર પટેલે 6 મે, 1947થી જ વિવિધ રાજાઓ સાથે મંત્રણાઓ શરૂ કરી દીધી હતી. અને જે તે રાજ્યની ભૌગોલિક તેમજ અન્ય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શ્રી સરદાર પટેલે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી હતી. જેને કારણે 560 થી વધુ રજવાડાઓમાંથી ત્રણને બાદ કરતાં બાકીના રજવાડાઓ ભારતમાં વિલીન થઈ ગયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જે ત્રણ રાજ્યો ભારત સાથે જોડાયા ન હતા તેમાં જૂનાગઢ, હૈદરાબાદ અને જમ્મુ–કાશ્મીરનો સમાવેશ થાય છે.
- જેમાં જૂનાગઢને સેના તેમજ 'આરઝી હકુમત'ની મદદથી ભારતમાં વિલીન કર્યું હતું.
- જ્યારે હૈદરાબાદને, હૈદરાબાદ પર લશ્કરી કાર્યવાહી કરવાનો વિરોધ કરી રહેલા શ્રી જવાહરલાલ નહેરુ યુરોપની યાત્રા પર ગયા હતા ત્યારે કાર્યવાહક પ્રધાનમંત્રી તરીકે હૈદરાબાદ પર લશ્કરી કાર્યવાહી કરીને શ્રી સરદાર પટેલે હૈદરાબાદને ભારતમાં વિલીન કર્યું હતું.
- આ માટે હૈદરાબાદ પર થયેલી લશ્કરી કાર્યવાહીને 'ઓપરેશન પોલો' નામ આપવામાં આવ્યું હતું.
- જ્યારે ભારત કે પાકિસ્તાન સાથે ન જોડાયેલા જમ્મુ–કાશ્મીર પર પાકિસ્તાને આક્રમણ કર્યું અને પાકિસ્તાનની સેના શ્રીનગરથી ફક્ત 65 કિ.મી. દૂર હતી ત્યારે જમ્મુ–કાશ્મીરના મહારાજા શ્રી હરિસિંહજી ડોગરાએ શ્રી સરદાર પટેલની મદદ માંગી.
- ત્યારે આવી જ કોઈ તકની રાહ જોઈને બેઠેલા શ્રી સરદાર પટેલે તાત્કાલીક શ્રી વી. પી. મેનનને વિમાનમાર્ગે કાશ્મીર મોકલીને હિંદી સંઘ સાથેના જોડાણખત પર સહી કરાવી દીધી અને તેને ભારતમાં વિલીન કર્યું
- ત્યાર બાદ હવાઈ માર્ગે લશ્કર મોકલી પાકિસ્તાની સૈન્યને પીછેહઠ કરવા મજબૂર કર્યા.

નોંધ : (1) ભારતના રજવાડાઓ કઈ રીતે ભારતમાં વિલીન થયા એ અંગે શ્રી વી. પી. મેનને લખેલા પુસ્તકનું નામ "ધ સ્ટોરી ઓફ ધ ઈન્ટિગ્રેશન ઓફ ઈન્ડિયન સ્ટેટ" છે.

(2) શ્રી સરદાર પટેલ અલ્પસંખ્યકો, આદિજાતિ તેમજ બાકાત વિસ્તાર, મૂળભૂત અધિકારો તેમજ પ્રાદેશિક સંવિધાનની સમિતિ જેવી વિવિધ સમિતિઓના પ્રમુખ હતા.

(3) તેમને ભારતીય સનદી સેવાઓના 'પેટ્રોન સેન્ટ' તરીકે ઓળખવામાં આવે છે.

(4) 15 ડિસેમ્બર, 1950ના રોજ હૃદયરોગના હુમલાને કારણે 75 વર્ષની વયે દિલ્હી ખાતે તેમનું નિધન થયું હતું.

(5) ઈ.સ. 1991માં તેમને મરણોત્તર ભારત રત્ન પુરસ્કાર એનાયત થયો હતો.

(6) 'શ્રી સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક'ની ગુજરાતના અમદાવાદના મોતી મહેલ ખાતે 1980માં સ્થાપના કરવામાં આવી હતી.

(7) શ્રી સરદાર પટેલને કુ. સરોજિની નાયડુએ 'લોખંડની દાબડીમાં સોનાનું ઘરેણું', શ્રી ચં. ચી. મહેતાએ 'રુદ્ર–ભદ્ર સરદાર' તથા શ્રી ગુણવંત શાહે 'વજ્રના કૂંડામાં ઊગેલું સુકોમળ પુષ્પ' કહીને નવાજ્યા છે. આ ઉપરાંત તેમને 'ભારતના બિસ્માર્ક' તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## BCCI પુરુષ અને મહિલા ક્રિકેટરોને સમાન વેતન આપશે.

તાજેતરમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ જાહેરાત કરી છે કે તે પુરુષો અને મહિલાઓ બંને માટે સમાન વેતન આપશે.

- 15મી BCCI એપેક્સ કાઉન્સિલના સભ્યોએ તાજેતરમાં કોન્ટ્રાક્ટેડ મહિલા ક્રિકેટરો માટે નવી પે ઈક્વિટી પોલિસી લાગુ કરવા સર્વસંમતિથી ઠરાવ પસાર કર્યો હતો.

### મહિલા ખેલાડીઓ માટે ફી વધારો

નવી 'પે ઈક્વિટી પોલીસી' હેઠળ મહિલા ક્રિકેટરોને પુરુષોની બરાબરી પર મેચ ફી મળશે.

- તેમને ટેસ્ટ મેચ માટે 15 લાખ રૂપિયા, વન–ડે માટે 6 લાખ રૂપિયા અને T20 મેચ માટે 3 લાખ રૂપિયા મળશે.
- પહેલા મહિલા ક્રિકેટરોને ટેસ્ટ માટે માત્ર 4 લાખ રૂપિયા તથા T-20 અને ODI માટે 1 લાખ રૂપિયા મળતા હતા.

**મહિલા ક્રિકેટરો માટે ફી વધારો**

| શ્રેણી | જૂની ફી | નવી ફી |
|---|---|---|
| ટેસ્ટ મેચ | 4 લાખ | 15 લાખ |
| વન–ડે મેચ | 1 લાખ | 6 લાખ |
| T-20 મેચ | 1 લાખ | 3 લાખ |

નોંધ : (1) મેચ ફી ઉપરાંત મહિલા ક્રિકેટરોને રિટેનરશિપ સિસ્ટમ હેઠળ પણ ચૂકવણી કરવામાં આવે છે.

(2) દર વર્ષે ગ્રેડ Aના ક્રિકેટરને 50 લાખ રૂપિયા, ગ્રેડ Bના ખેલાડીઓને 30 લાખ રૂપિયા અને C ગ્રેડના ખેલાડીઓને 10 લાખ રૂપિયા મળે છે.

(3) પુરુષ ક્રિકેટરો જેઓ વધુ સંખ્યામાં રમતો રમે છે તેમને રૂ.7 કરોડથી રૂ.1 કરોડની વચ્ચે પગાર મળે છે.

(4) BCCIએ હજુ સુધી રિટેન્શન સિસ્ટમમાં કોઈ ફેરફાર કર્યો નથી.

(5) જુલાઈ 2022માં ન્યુઝિલેન્ડ તેના ક્રિકેટરો માટે વેતન સમાનતા રજૂ કરનાર પ્રથમ દેશ બન્યો હતો. આ સાથે ભારત આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સમાન વેતન આપનારો બીજો દેશ બન્યો છે.

## IT નિયમો 2021માં સુધારાઓ

તાજેતરમાં સરકારે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (મધ્યવર્તી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા આચાર સહિંતા) નિયમો 2021માં સુધારાની સૂચના આપી છે.

- તેમનો ઉદ્દેશ્ય દેશના નાગરિકો માટે ઈન્ટરનેટને સુલભ, સુરક્ષિત, વિશ્વસનીય અને જવાબદાર બનાવવાનો છે.

# IT નિયમો, 2021માં મુખ્ય સુધારાઓ

## સોશિયલ મીડિયા મધ્યસ્થીઓ માટે નવી માર્ગદર્શિકા

હાલમાં મધ્યસ્થીઓએ માત્ર વપરાશકર્તાઓને હાનિકારક/ગેરકાયદેસર સામગ્રીની અમુક શ્રેણીઓ અપલોડ ન કરવા માટે જાણ કરવાની જરૂર છે.

- આ સુધારાઓ વપરાશકર્તાઓને આવી સામગ્રી અપલોડ કરતા અટકાવવા માટે વાજબી પ્રયાસો કરવા મધ્યસ્થીઓ પર કાનૂની જવાબદારી લાદે છે.
- નવી જોગવાઈ એ સુનિશ્ચિત કરશે કે મધ્યસ્થીની જવાબદારી માત્ર ઔપચારિકતા નથી.
- આ સુધારાઓ માટે ભારતીય બંધારણના અનુચ્છેદ 14, 19 અને 21 હેઠળ વપરાશકર્તાઓને મળેલા અધિકારોનો આદર કરવા માટે મધ્યસ્થી જરૂરી છે, તેથી તેને યોગ્ય ખંત, ગોપનીયતા અને પારદર્શિતાની જરૂર છે.
- મધ્યસ્થીના નિયમો અને નિયમોના અસરકારક સંદેશાવ્યવહાર માટે તે મહત્વપૂર્ણ છે કે વાતચીત પ્રાદેશિક ભાષાઓમાં પણ કરવામાં આવે.

## નિયમ 3 મા સુધારો

નિયમ 3 (નિયમ 3 (1) (b) (ii)ની પેટાકલમ 1ના આધારે 'બદનક્ષીનું પરીબળ' અને 'અપમાનજનક' શબ્દોને બાદ કરીને તર્કસંગત બનાવવામાં આવ્યા છે.

- કોઈપણ સામગ્રી માનહાનિકારક છે કે બદનક્ષી છે તે ન્યાયિક સમીક્ષા દ્વારા નક્કી કરવામાં આવશે.
- નિયમ 3 (નિયમ 3 (1) (b))ની પેટા–કલમ 1માં અમુક સામગ્રી શ્રેણીઓ ખાસ કરીને ખોટી માહિતી અને વિવિધ ધાર્મિક/જાતિ જૂથો વચ્ચે હિંસાને પ્રોત્સાહન આપી શકે તેવી અન્ય સામગ્રી સાથે વ્યવહાર કરવા માટે સુધારેલ છે.

## ફરીયાદ અપીલ સમિતિની સ્થાપના

'ફરિયાદ અપીલ સમિતિ'ની સ્થાપના કરવામાં આવશે જેથી વપરાશકર્તાઓને વપરાશકર્તાની ફરિયાદો પર મધ્યસ્થી દ્વારા લેવામાં આવેલા નિર્ણયો અથવા નિષ્ક્રિયતા સામે અપીલ કરી શકાય.

- જો કે વપરાશકર્તાઓને હંમેશા કોઈપણ ઉકેલ માટે કોર્ટનો સંપર્ક કરવાનો અધિકાર રહેશે.

**નોંધ :** મુખ્યત્વે IT નિયમો (2021) સોશિયલ મીડિયા પ્લેટફોર્મને તેમના પ્લેટફોર્મ પરની સામગ્રીના સંદર્ભમાં વધુ સક્રિય રહેવાનો આદેશ આપે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** દર વર્ષે 31 ઓક્ટોબરના રોજ ભારત અથવા તો વિશ્વમાં નીચેનામાંથી કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) રાષ્ટ્રીય એકતા દિવસ (B) વિશ્વ બચત દિવસ (C) વિશ્વ શહેર દિવસ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

**2.** ભારતમાં 31 ઓક્ટોબર કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(A) શ્રી સરદાર પટેલ જન્મદિન (B) રાષ્ટ્રીય એકતા દિવસ
(C) શ્રીમતી ઈન્દિરા ગાંધી પુણ્યતિથિ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

**3.** ભારતમાં શ્રી સરદાર પટેલનો જન્મદિન 31 ઓક્ટોબર 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ક્યારથી ઉજવાય છે ?
(A) 2012 (B) 2013 (C) 2014 (D) 2015 **(C)**

**4.** હાલમાં 31 ઓક્ટોબર, 2022ના રોજ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના કેટલામાં જન્મદિનની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 141મા (B) 144મા (C) 147મા (D) 148મા **(C)**

**5.** 'રાષ્ટ્રીય એકતા દિવસ' કોના જન્મ દિન પર ઉજવવામાં આવે છે ?
(A) મોરારજી દેસાઈ (B) મહાત્મા ગાંધીજી
(C) લાલ બહાદુર શાસ્ત્રી (D) સરદાર વલ્લભભાઈ પટેલ **(D)**

**6.** 31 ઓક્ટોબર, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અનાવરણ કરવામાં આવેલ પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટીની' ઊંચાઈ કેટલી છે ?
(A) 491.181 ફૂટ (B) 590.551 ફૂટ (C) 597.113 ફૂટ (D) 546 ફૂટ **(C)**

**7.** શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ગુજરાતના નર્મદા જિલ્લાના કયા તાલુકામાં આવેલ છે ?
(A) નાંદોદ (B) ગરૂડેશ્વર (C) સાગબારા (D) તિલકવાડા **(B)**

**8.** શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' નર્મદા નદીના કયા બેટ પર આવેલ છે ?
(A) સારસ બેટ (B) સાહૂ બેટ (C) સાગબારા બેટ (D) સાધુ બેટ **(D)**

**9.** શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નો શિલાન્યાસ ક્યારે કરવામાં આવ્યો હતો ?
(A) 31 ઓક્ટોબર, 2013 (B) 31 ઓક્ટોબર, 2014
(C) 31 ઓક્ટોબર, 2015 (D) 31 ઓક્ટોબર, 2016 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. શ્રી સરદાર સાહેબની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના મુખ્ય ડિઝાઈનર (શિલ્પકાર) કોણ છે ?

(A) શ્રી રામ નારાયણ સુથાર (B) શ્રી રામ પ્રસાદ સુથાર

(C) શ્રી રામ ગોપાલ સુથાર (D) શ્રી રામ વાનજી સુથાર **(D)**

11. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને કઈ ધાતુનું આવરણ ચડાવવામાં આવ્યું છે ?

(A) તાંબાનું (B) સ્ટીલનું (C) કાંસાનું (D) એલ્યુમિનિયમનું **(C)**

12. વિંધ્યાચલ પર્વતમાળા અને સાતપુડા પર્વતમાળા વચ્ચેથી કઈ નદી પસાર થાય છે ?

(A) તાપી (B) સાબરમતી (C) નર્મદા (D) મહી **(C)**

13. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની પાયા સાથેની ઊંચાઈ કેટલી છે ?

(A) 182 મીટર (B) 240 મીટર (C) 200 મીટર (D) 260 મીટર **(B)**

14. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ક્યારે થયો હતો ?

(A) 31 ઓક્ટોબર, 1875 (B) 31 ઓક્ટોબર, 1886

(C) 31 ઓક્ટોબર, 1885 (D) 31 ઓક્ટોબર, 1888 **(A)**

15. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને છઠ્ઠા ધોરણમાં કયા ગુજરાતી શિક્ષકે શિક્ષા રૂપે 200 પાડા લખવા આપ્યા હતા ?

(A) શ્રી છોટાલાલ માસ્તર (B) શ્રી રમણીકલાલ માસ્તર

(C) શ્રી મણીશંકર માસ્તર (D) એકપણ નહીં **(A)**

16. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે પોતાની વકીલાત ક્યાંથી શરૂ કરી હતી ?

(A) બારડોલી (B) અમદાવાદ (C) ગોધરા (D) કરમસદ **(C)**

17. ગુજરાત વિધાનસભા ગૃહનું નામ શું રાખવામાં આવ્યું છે ?

(A) સરદાર વલ્લભભાઈ પટેલ ભવન (B) વિઠ્ઠલભાઈ પટેલ ભવન

(C) જીવરાજ મહેતા ભવન (D) ચિમન મહેતા ભવન **(B)**

18. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ કઈ રમતમાં માહેર હતા ?

(A) ક્રિકેટ (B) વોલીબોલ (C) બ્રિજ (D) ચેસ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**19.** શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને સરદારનું બિરૂદ કયા સત્યાગ્રહથી મળ્યું ?

(A) બારડોલી સત્યાગ્રહ (B) બોરસદ સત્યાગ્રહ (C) ખેડા સત્યાગ્રહ (D) નાગપુર સત્યાગ્રહ **(A)**

**20.** બારડોલી સત્યાગ્રહ કઈ સાલમાં થયો હતો ?

(A) 1923 (B) 1928 (C) 1918 (D) 1932 **(B)**

**21.** ઈ.સ. 1923માં નાગપુર (ઝંડા) સત્યાગ્રહનું નેતૃત્વ કોણે કર્યું હતું ?

(A) શ્રી જયપ્રકાશ નારાયણ (B) શ્રી ગાંધીજી

(C) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ (D) શ્રી અરવિંદ ઘોષ **(C)**

**22.** બોરસદ સત્યાગ્રહમાં પુખ્ત વયના દરેક સ્ત્રી–પુરુષો પાસેથી માથાદીઠ કેટલો વેરો લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું ?

(A) 2 રૂપિયા 5 આના (B) 1 રૂપિયો 7 આના (C) 2 રૂપિયા 7 આના (D) 1 રૂપિયો 5 આના **(C)**

**23.** દાંડીયાત્રા પૂર્વે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ધરપકડ કયા ગામથી થઈ હતી ?

(A) કરાડી (B) બોરસદ (C) રાસ (D) દાંડી **(C)**

**24.** દેશી રજવાડાઓના ભારતમાં વિલીનીકરણ સમયે કયા રાજવીએ પોતાનું રાજ્ય સૌપ્રથમ ભારત સંઘમાં સોંપ્યું ?

(A) શ્રી ભાવસિંહજી ગોહિલ (B) શ્રી કૃષ્ણકુમાર સિંહજી

(C) શ્રી જામ સાહેબ (D) શ્રી વિભોજી જાડેજા **(B)**

**25.** મહારાજા કૃષ્ણકુમાર સિંહજી જેમણે સૌપ્રથમ પોતાનું રાજ્ય ભારત સંઘમાં જોડવાની સહમતી દર્શાવી હતી તે કયાંના રાજા હતા ?

(A) જામનગર (B) જૂનાગઢ (C) ભાવનગર (D) કચ્છ **(C)**

**26.** ભારત દેશના મહાન પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને ભારતનો સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્ન કઈ સાલમાં એનાયત થયો હતો ?

(A) ઈ.સ. 1971માં (B) ઈ.સ. 1981માં (C) ઈ.સ. 1991માં (D) ઈ.સ. 1999માં **(C)**

**27.** શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને 'ભારતના બિસ્માર્ક' તરીકે ઓળખવામાં આવે છે. આ બિસ્માર્ક કયા દેશના વતની હતા ?

(A) અમેરિકા (B) જર્મની (C) બ્રિટન (D) ફ્રાંસ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**28.** હૈદરાબાદને ભારતસંઘમાં જોડવા માટે કરવામાં આવેલી લશ્કરી કાર્યવાહીને કયું નામ આપવામાં આવ્યું હતું ?

(A) ઓપરેશન વિજય (B) ઓપરેશન પોલો

(C) ઓપરેશન મૈત્રી (D) ઓપરેશન બ્લેક થંડર **(B)**

**29.** 'ધ સ્ટોરી ઓફ ધ ઈન્ટિગ્રેશન ઓફ ધ ઈન્ડિયન સ્ટેટ્સ' પુસ્તકના લેખક કોણ હતા ?

(A) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ (B) શ્રી વી. પી. મેનન

(C) ડો. રાજેન્દ્ર પ્રસાદ (D) માઉન્ટ બેટન **(B)**

**30.** BCCIની નવી 'પે ઈક્વિટી પોલિસી' હેઠળ મહિલા ક્રિકેટરોને પુરુષોની બરાબરી પર મેચ ફી મળશે. આ નવી 'પે ઈક્વિટી પોલિસી' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમને ટેસ્ટ મેચ માટે 15 લાખ રૂપિયા મળશે.
2. તેમને વન–ડે મેચ માટે 6 લાખ રૂપિયા મળશે.
3. તેમને T-20 મેચ માટે 3 લાખ રૂપિયા મળશે.
4. આ ઉપરાંત મહિલા ક્રિકેટરોને રિટેનરશિપ સિસ્ટમ હેઠળ વર્ષના 12 કરોડ ચૂકવવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**31.** તાજેતરમાં સરકારે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (મધ્યવર્તી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા આચાર સહિંતા) નિયમો 2021માં સુધારાની સૂચના આપી હતી. આ સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરો.

1. હાલમાં મધ્યસ્થીઓએ માત્ર વપરાશકર્તાઓને હાનિકારક/ગેરકાયદેસર સામગ્રીની અમુક શ્રેણીઓ અપલોડ ન કરવા માટે જાણ કરવાની જરૂર છે.
2. નવી જોગવાઈ એ સુનિશ્ચિત કરશે કે મધ્યસ્થીની જવાબદારી માત્ર ઔપચારિકતા નથી.

ઉપરોક્ત વિધાન પરથી સાચો જવાબ પસંદ કરો.

(A) વિધાન 1 સાચુ છે. પરંતુ વિધાન 2 ખોટું છે.

(B) વિધાન 2 સાચુ છે. પરંતુ વિધાન 1 ખોટું છે.

(C) વિધાન 1 અને 2 બંને સાચા છે.

(D) વિધાન 1 અને 2 બંને ખોટા છે. **(C)**

## દિવસ મહિમા : 01 નવેમ્બર, વિશ્વ શાકાહાર દિવસ

## વડોદરામાં એરફોર્સ માટે C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનું ઉત્પાદન કરવામાં આવશે.



30 ઓક્ટોબરના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વડોદરામાં C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ સુવિધાનો શિલાયન્સ કર્યો હતો.

- વડોદરામાં સ્થિત C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ ફેસેલિટી તેના પ્રકારનો પ્રથમ પ્રોજેક્ટ હશે જેમાં ખાનગી કંપની દ્વારા ભારતમાં લશ્કરી એરક્રાફ્ટનું ઉત્પાદન કરશે.
- આ પ્રોજેક્ટ યુરોપિયન ઉડ્ડયન અગ્રણી એરબસ (Airbus) અને ટાટા એડવાન્સ સિસ્ટમ (TSAL) – ટાટા જૂથની સંરક્ષણ શાખા દ્વારા સંયુક્ત રીતે અમલમાં મૂકવામાં આવશે.
- આ સુવિધા ભારતીય વાયુસેના દ્વારા ઉપયોગમાં લેવાતા 40 295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનું ઉત્પાદન કરશે.
- આ એરક્રાફ્ટ 2023 થી 2031 દરમિયાન ભારતીય વાયુસેનાને આપવામાં આવશે.
- પ્રથમ 40 ફ્લાય–વે એરક્રાફ્ટ સપ્ટેમ્બર 2023 અને ઓગસ્ટ 2025 વચ્ચે પ્રાપ્ત થશે.
- જ્યારે ભારતમાં બનેલા એરક્રાફ્ટની ડિલિવરી 2026થી કરવામાં આવશે.

નોંધ : (1) સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિએ સપ્ટેમ્બર 2021માં સ્પેન સ્થિત એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ પાસેથી 56 C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટની ખરીદીને મંજૂરી આપી હતી. અને તે જ મહિનામાં સંરક્ષણ મંત્રાલયે કંપની સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

(2) આ કરારના ભાગરૂપે 16 એરક્રાફ્ટ ફ્લાય–અવે સ્થિતિમાં પહોંચાડવામાં આવશે અને 40 એરક્રાફ્ટનું ઉત્પાદન ભારતીય કંપની TASLના નેતૃત્વમાં ટાટા કન્સોર્ટિયમ દ્વારા કરવામાં આવશે.

(3) ભારતીય વાયુસેનાને 56 એરક્રાફ્ટની ડિલિવરી કર્યા પછી એરબસ ડિફેન્સ અને સ્પેસને ભારતમાં ઉત્પાદિત એરક્રાફ્ટ સિવિલ ઓપરેટરોને વેચવાની અને ભારત સરકાર દ્વારા મંજૂર કરાયેલા દેશોમાં નિકાસ કરવાની મંજૂરી આપવામાં આવશે.

## વિશ્વની સૌથી ઊંચી ભગવાન શિવની પ્રતિમા : નાથદ્વારા, રાજસ્થાન

તાજેતરમાં રાજસ્થાન રાજ્યના રાજસંમદ જિલ્લાના નાથદ્વારામાં બનેલી ભગવાન શિવની સૌથી ઊંચી પ્રતિમાનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભગવાન શિવની પ્રતિમાના લોકાર્પણ પ્રસંગે રાજસ્થાનમાં શ્રીજીની ધારા નાથદ્વારા રાજસંમદ ખાતે 29 ઓક્ટોબરથી 6 નવેમ્બર સુધી સંત કૃપા સનાતન સંસ્થા દ્વારા એક મહોત્સવનું આયોજન થયું હતું.
- આ ઉપરાંત પૂ.શ્રી મોરારી બાપુ દ્વારા રામકથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## પ્રતિમા વિશે

રાજસ્થાનના નાથદ્વારામાં ભગવાન શિવની પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું છે.



- જે વિશ્વની સૌથી ઊંચી શિવ પ્રતિમા છે.
- આ પ્રતિમાની ઊંચાઈ 369 ફૂટ છે. (112 મીટર)
- આ પ્રતિમાને 'વિશ્વાસ સ્વરૂપમ' નામ આપવામાં આવ્યું છે.
- જેને 'Statue of Belief' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ પ્રતિમા સંત કૃપા સનાતન સંસ્થા દ્વારા તૈયાર કરાવવામાં આવી છે.
- આ પ્રતિમાનું નિર્માણ અમેરિકન અને ઓસ્ટ્રેલિયન કંપની દ્વારા કરવામાં આવ્યું છે.
- આ પ્રતિમામાં લિફ્ટ, સીડી, હોલ વગેરે બનાવવામાં આવ્યા છે.
- બાંધકામ દરમિયાન 3000 ટન સ્ટીલ અને લોખંડ, 2.5 લાખ ઘન ટન કોંક્રિટ અને રેતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- આ પ્રતિમાનું નિર્માણ એ રીતે કરવામાં આવ્યુ છે કે 250 કિમીની ઝડપે ફૂંકાતા પવનની પણ મૂર્તિ પર કોઈ અસર નહીં થાય.

ICE INSTITUTE FOR COMPETITIVE

### વિશ્વની 5 સૌથી ઊંચી ભગવાન શિવની પ્રતિમાઓ

| ક્રમ | નામ | સ્થળ | ઊંચાઈ |
|---|---|---|---|
| 1 | વિશ્વાસ સ્વરૂપમ | નાથદ્વારા, રાજસ્થાન | 369 ફૂટ |
| 2 | કૈલાસનાથ મહાદેવ મંદિર | નેપાળ | 143 ફૂટ |
| 3 | મરુદેશ્વર મંદિર | કર્ણાટક | 123 ફૂટ |
| 4 | આદિયોગ મંદિર | તમિલનાડુ | 112 ફૂટ |
| 5 | મંગલ મહાદેવ | મોરેશિયસ | 108 ફૂટ |

## તરાઈ હાથી અભયારણ્ય : ઉત્તરપ્રદેશ

તાજેતરમાં ભારત સરકારે ઉત્તરપ્રદેશમાં તરાઈ હાથી અભયારણ્યની સ્થાપનાને મંજૂરી આપી છે.



- ઉત્તરપ્રદેશના દુધાવા–પીલીભીતમાં તરાઈ હાથી અભયારણ્યની સ્થાપના કરવામાં આવશે.
- તે 3049 ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલું હશે.
- ભારતમાં સ્થાપિત થનારું તે 33મું હાથી અભયારણ્ય હશે.
- તે દુધાવા અને પીલીભાત ટાઈગર રિઝર્વના સંયુક્ત જંગલ વિસ્તારોમાં હશે. જે વાઘ, એશિયાટિક હાથી, દલદલ હરણ અને એક શિંગડાવાળા ગેંડાના સંરક્ષણ સાથે સંકળાયેલા છે.
- આ નવા હાથી અભયારણ્યની સ્થાપના હાથીઓની વસતીના સીમા પર સ્થળાંતરને બચાવવામાં મદદ કરશે.

નોંધ : (1) 'પ્રોજેક્ટ એલિફન્ટ' કેન્દ્ર સરકાર દ્વારા 1992માં જંગલી એશિયન હાથીઓની મુક્ત શ્રેણીની વસતીના રક્ષણ માટે રાજ્યોને નાણાકીય અને તકનીકી સહાય પૂરી પાડવા માટે શરૂ કરવામાં આવ્યો હતો.

(2) આ કેન્દ્રિય પ્રાયોજિત યોજનાનો ઉદ્દેશ્ય એશિયન હાથીઓના કુદરતી રહેઠાણોમાં તેમના કુદરતી રહેઠાણો અને સ્થળાંતર કોરિડોરનું રક્ષણ કરીને તેમના લાંબા સમય સુધી અસ્તિત્વને સુનિશ્ચિત કરવાનો છે.



1. 'વિશ્વ શાકાહાર દિન' અથવા 'World Vegan Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 નવેમ્બર (B) 2 નવેમ્બર (C) 3 નવેમ્બર (D) 4 નવેમ્બર (A)

2. કયા શહેરમાં એરફોર્સ માટે C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનું ઉત્પાદન કરવામાં આવશે. જેનો તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શિલાયન્સ કરવામાં આવ્યો હતો ?

(A) વડોદરા (B) જોધપુર (C) લખનૌ (D) મુંબઈ (A)

3. વડોદરામાં એરફોર્સ માટે C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ કોના દ્વારા સંયુક્ત રીતે અમલમાં મૂકવામાં આવશે ?

(A) Airbus - TSAL (B) Adani - L & T (C) L & T - HAL (D) MAN - HAL (A)

4. તાજેતરમાં નીચેના પૈકી કયા સ્થળે ભગવાન શિવની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાનું લોકાર્પણ કરવામાં આવ્યું છે ?

(A) મહાબલેશ્વર, મહારાષ્ટ્ર (B) વારાણસી, ઉત્તરપ્રદેશ

(C) રામેશ્વરમ, તમિલનાડુ (D) નાથદ્વારા, રાજસ્થાન (D)

5. તાજેતરમાં ઉત્તરપ્રદેશ રાજ્યના રાજસંમદ જિલ્લાના નાથદ્વારામાં બનેલી ભગવાન શિવની પ્રતિમાનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ પ્રતિમાની ઊંચાઈ 369 ફૂટ છે.
2. તે વિશ્વની સૌથી ઊંચી ભગવાન શિવની પ્રતિમા છે.
3. આ પ્રતિમાને 'વિશ્વાસ સ્વરૂપમ' (Statue of Belief) નામ આપવામાં આવ્યુ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

6. તાજેતરમાં ભારત સરકારે 'તરાઈ હાથી અભયારણ્ય'ની સ્થાપનાને મંજૂરી આપી છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) રાજસ્થાન (B) ઉત્તરપ્રદેશ (C) મધ્યપ્રદેશ (D) ઓડિશા (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## દિવસ મહિમા : 02 નવેમ્બર, International Day to end Impunity for crimes Against Journalists (પત્રકારો વિરુદ્ધના ગુના માટે દંડ માફી સમાપ્ત કરવાનો આંતરરાષ્ટ્રીય દિવસ)

## IMT TRILAT

તાજેતરમાં ભારત, મોઝામ્બિક અને તાંઝાનિયાની નૌકાદળ વચ્ચે ત્રિપક્ષીય કવાયત IMT TRILATની પ્રથમ આવૃત્તિમાં યોજાઈ હતી.

- ભારત, મોઝામ્બિક અને તાન્ઝાનિયાની નૌકાદળ વચ્ચે સંયુક્ત દરિયાઈ કવાયત તાંઝાનિયાના Dares Salaam ખાતે યોજાઈ હતી.
- IMTમાં I એટલે India, M એટલે Mozambique અને T એટલે Tanzania થાય છે.
- આ અભ્યાસમાં ભારતીય નૌકાદળનું પ્રતિનિધિત્વ ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ્સ, INS તારકશ, ચેતક હેલિકોપ્ટર અને માર્કોસ (સ્પેશિયલ ફોર્સીસ) દ્વારા કરવામાં આવ્યું છે.
- આ અભ્યાસના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

  (a) તાલીમ અને શ્રેષ્ઠ પ્રથાઓની વહેંચણી દ્વારા સામાન્ય જોખમોને સંબોધિત કરવાની ક્ષમતા વિકસાવવી.

  (b) આંતરકાર્યક્ષમતામાં વધારો.

  (c) દરિયાઈ સહયોગને મજબૂત બનાવવું.
- આ અભ્યાસ હિંદ મહાસાગર ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષા અને દરિયાઈ પાડોશીઓ સાથે સહયોગ વધારવા અને આ ક્ષેત્રમાં તમામ માટે સાગર સુરક્ષા અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે ભારત અને ભારતીય નૌકાદળની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મોરબીનો ઝૂલતો પુલ : મચ્છુ નદી

તાજેતરમાં ગુજરાતના મોરબી જિલ્લામાં બનેલો ઝૂલતો પુલ તૂટી પડ્યો હતો. આ દુર્ઘટનામાં લગભગ 137 લોકોના મૃત્યુ થયા હતા.

### ઝૂલતો પુલ

મોરબીમાં આવેલ ઝૂલતો પૂલ મચ્છુ નદી પર 19મી સદીમાં બાંધવામાં આવ્યો હતો.

- આ પુલનું નિર્માણ મોરબીના શાસક સર વાઘજી ઠાકોર બીજા દ્વારા કરાવવામાં આવ્યું હતું.

- ઝૂલતા પુલનું નિર્માણ કાર્ય 1877માં શરૂ કરવામાં આવ્યું હતું.
- તેનું ઉદ્‌ઘાટન વર્ષ 1879માં બોમ્બેના તત્કાલિન ગવર્નર રિચર્ડ ટેમ્પલ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ ઝૂલતો પુલ 1.25 મિટર પહોળો અને લગભગ 233 મીટર જેટલી લંબાઈ ધરાવતો હતો.
- આ પુલ દરબારગઢ પેલેસ અને રાજવી નિવાસ પેલેસને પણ જોડતો હતો.
- સસ્પેશન બ્રિજ અથવા ઝૂલતો પુલ એ એક પ્રકારનો પુલ છે જેમાં ડેક (મુખ્ય પાથ)ને સસ્પેન્શન વાયર દ્વારા લટકાવવામાં આવે છે.
- બ્રિજના બંને છેડે કોંક્રીટ અને કઠોર ગર્ડર, બે કે તેથી વધુ મુખ્ય સસ્પેશન વાયર, ટાવર અને કેબલ એન્કરેજ એ પુલના પ્રાથમિક માળખાકીય તત્વો છે.
- મુખ્ય વાયર ટાવર્સ વચ્ચે સસ્પેન્ડ (ઝૂલતા) કરવામાં આવે છે અને એન્કરેજ અથવા પુલ સાથે જોડાયેલ રહે છે. વર્ટિકલ સસ્પેન્ડર્સ ડેક અને તેના પર આવતા મુસાફરોનું વજન સંભાળે છે.
- આ ડિઝાઈન સુનિશ્ચિત કરે છે કે સસ્પેન્શન વાયર પરનો ભાર બંને છેડે ટાવર્સમાં સ્થાનાંતરિત થાય છે. અને પછી આ લોડ એન્કરેજ કેબલ દ્વારા વર્ટિકલ કમ્પ્રેશન દ્વારા જમીન પર પ્રસારિત થાય છે.

## મચ્છુ નદી

- ઉદ્‌ગમ સ્થાન : આણંદપુરની ટેકરીમાંથી (આણંદપુર ભાડલા)
- અંતિમ સ્થાન : કચ્છનું નાનુ રણ
- લંબાઈ : અંદાજિત 130 કિ.મી.
- મચ્છુ નદી કિનારે વસેલા શહેરો : મોરબી, વાંકાનેર, માળિયા (મિયાણા)
- બંધ : મચ્છુ 1 અને મચ્છુ 2
- ઉપનદીઓ : જામ્બુરી, બેણિયા, મચ્છોરી, મહા, બેટી, અસોઈ, ખારોડિયો, લાવરિયો, અંધારી
- મચ્છુ નદીનું : નામ એક દંત કથા અનુસાર મચ્છ અને મત્સ્ય પરથી પડ્યુ હોવાનું માનવામાં આવે છે.
- મચ્છુ નદી મોરબી, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં થઈને વહેતી નદી છે.
- 11 ઓગસ્ટ, 1979ના દિવસે ખૂબ વરસાદના કારણે બપોરના 3:30 કલાકે મચ્છુ-2 બંધ તૂટી પડ્યો હતો. જેથી ભયંકર જળ હોનારત થયું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- મચ્છુ 2 જળ હોનારતમાં તણાઈને મૃત્યુ પામેલા લોકોની સ્મૃતિમાં મોરબીના 'રાણીબાગ'માં મણિમંદિરની સામે એક 'સ્મૃતિ સ્મારક' બનાવવામાં આવ્યુ છે.
- આ ભયંકર જળ હોનારત પર 'હાવર્ડ યુનિવર્સિટી'ના વિદ્યાર્થીઓ દ્વારા એક સંશોધન પુસ્તક તૈયાર કરવામાં આવ્યું હતું. પુસ્તકનું નામ 'Act of God' છે.
- મચ્છુ જળ હોનારત થઈ ત્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ પટેલ હતા.
- મચ્છુ નદી કચ્છના નાના રણમાં મળવાથી 'કુંવારિકા' નદી છે.



1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'પત્રકારો વિરુદ્ધના ગુના માટે દંડ માફિ સમાપ્ત કરવાના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 નવેમ્બર (B) 2 નવેમ્બર (C) 3 નવેમ્બર (D) 4 નવેમ્બર (B)

2. તાજેતરમાં કયા દેશો વચ્ચે ત્રિપક્ષીય કવાયત 'IMT TRILAT' યોજાઈ હતી ?

(A) ભારત, ઈન્ડોનેશિયા, બાંગ્લાદેશ (B) ભારત, મોઝામ્બિક, તાન્ઝાનિયા

(C) ભારત, મલેશિયા, તુર્કી (D) ભારત, મલેશિયા, તજાકિસ્તાન (B)

3. મોરબીના ઝૂલતા પુલનું નિર્માણ કોણે કરાવ્યું હતું ?

(A) મહારાજા લખધીરસિંહજી (B) સર વાઘજી ઠાકોર બીજા

(C) ઠાકોરસા રવોજી બીજા (D) મહારાજા વખતસિંહજી (B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. મચ્છુ નદી સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું ઉદ્‌ગમ સ્થાન આણંદપુર ટેકરીમાંથી છે તથા અંતિમ સ્થાન કચ્છનું નાનુ રણ છે.

2. મચ્છુ નદીના કિનારે મોરબી, વાંકાનેર અને માળિયા (મિયાણા) શહેર વસેલા છે.

3. મચ્છુ નદી કચ્છના નાના રણમાં મળતી હોવાથી તેને કુંવારિકા નદી તરીકે પણ ઓળખવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

5. કયા વર્ષે ખૂબ વરસાદને કારણે મચ્છુ નદી પરનો ડેમ તૂટી પડતા ભયંકર જળ હોનારત સર્જાઈ હતી ?

(A) 1976 (B) 1979 (C) 1991 (D) 1993 (B)

## ભારતની પ્રથમ ફ્લોટિંગ નાણાકીય શિબિર

તાજેતરમાં ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેન્ક (IPPB)એ શ્રીનગર (જમ્મુ–કશ્મીર)માં 'નિવેષકાર દીદી' પહેલ હેઠળ 'મહિલાઓ માટે, મહિલાઓ દ્વારા'ના ખ્યાલ સાથે નાણાકીય સાક્ષરતા વધારવા માટે ભારતની પ્રથમ ફ્લોટિંગ નાણાકીય સાક્ષરતા શિબિરનું આયોજન કર્યુ હતું.

- આ શિબિરનું આયોજન શ્રીનગરમાં દાલ સરોવર ખાતે કરવામાં આવ્યું હતું.

### નિવેષકાર દીદી પહેલ

નિવેષકાર દીદી પહેલ અથવા રોકાણકાર દીદી પહેલ એ મહિલાઓ માટેની મહિલાઓની વિચારધારા પર આધારિત છે.

- કારણ કે ગ્રામીણ વિસ્તારની મહિલાઓ તેમના પ્રશ્નો એક મહિલા સાથે શેર કરવામાં વધુ આરામદાયક અનુભવે છે.
- તે કોર્પોરેટ અફેર્સ મંત્રાલય (MCA)ના નેજા હેઠળ ઈન્વેસ્ટ એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (IEPFA)ના સહયોગથી IPPB દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.

### ફ્લોટિંગ નાણાકીય સાક્ષરતા શિબિર

આ સત્રમાં બેન્કિંગ અને નાણાકીય ઉત્પાદનો, નિયમનકારી સંસ્થાઓ દ્વારા ઓફર કરવામાં આવતી મુખ્ય પ્રવાહની નાણાકીય સેવાઓમાં સામેલ થવાનું મહત્વ અને વિવિધ પ્રકારના રોકાણના જોખમો સામે રક્ષણ અને છેતરપિંડી નિવારણના પગલા જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા હતા.

### IPPB

IPPBનું પૂરુંનામ 'ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક' છે.

- IPPB વર્ષ 2018માં ભારત સરકારની માલિકીની 100% ઈક્વિટી સાથે સંદેશાવ્યવહાર મંત્રાલયના પોસ્ટ વિભાગ હેઠળ સ્થાપિત થયેલ છે.
- ભારતમાં સામાન્ય માણસ માટે સૌથી વધુ સુલભ, સસ્તું અને વિશ્વસનીય બેંક બનાવવાના વિઝન સાથે આ બેંકની સ્થાપના કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- IPPBનો મૂળ ઉદ્દેશ્ય બેંક વગરના લોકો માટે અવરોધો દૂર કરવાનો છે અને છેલ્લા માઈલ સુધી 160,000 પોસ્ટ ઓફિસ (145,000 ગ્રામીણ વિસ્તારોમાં) અને 400,000 પોસ્ટલ કર્મચારીઓના નેટવર્કનો લાભ લેવાનો છે.
- IPPBની પહોંચ અને તેનું ઓપરેટિંગ મોડેલ ઈન્ડિયા સ્ટેકના મુખ્ય સ્તંભો પર બનેલ છે.
- CBS સંકલિત સ્માર્ટફોન અને બાયોમેટ્રિક ઉપકરણો દ્વારા ગ્રાહકોના ઘરઆંગણે પેપરલેસ, કેશલેસ અને હાજરી રહીત બેન્કિંગને સરળ અને સુરક્ષિત રીતે સક્ષમ કરે છે.
- IPPB ઓછી રોકડ અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન આપવા અને ડિજિટલ ઈન્ડિયાના વિઝનમાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે.

## તકેદારી જાગૃતિ સપ્તાહ 2022 (Vigilance Awareness Week)




સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)એ 31 ઓક્ટોબરથી 6 નવેમ્બર 2022 સુધી 'તકેદારી જાગૃતિ સપ્તાહ 2022' અથવા 'વિજિલન્સ અવેરનેસ વીક 2022'નું આયોજન કર્યું હતું.

- સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પર તેમના માનમાં આ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે.
- ભ્રષ્ટાચારના વધતા જતા જોખમ અને તેના પરિણામોની ચિંતાને ધ્યાનમાં રાખીને આ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.
- આ સપ્તાહ મહત્વપૂર્ણ છે કારણ કે સામાજિક ઉત્થાન અને પરિવર્તન પર ધ્યાન કેન્દ્રિત કરી રહેલા વિકાસશીલ દેશોમાં તકેદારી અને જાગૃતિની વધતી જતી જરૂરિયાત છે.
- આ વર્ષે નીચેની થીમ સાથે આ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી :

"ભ્રષ્ટાચાર મુક્ત ભારત–વિકસિત ભારત"

"વિકસિત રાષ્ટ્ર માટે ભ્રષ્ટાચાર મુક્ત ભારત"

## સેવા સંસ્થાના સ્થાપક શ્રીમતી ઈલાબેન ભટ્ટનું નિધન

ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ અને સેવા સંસ્થાના સ્થાપક થકી લાખો મહિલાઓને પગભર કરનાર શ્રીમતી ઈલાબેન ભટ્ટનું 89 વર્ષની વયે નિધન થયું છે.

## શ્રીમતી ઈલાબેન ભટ્ટ

- જન્મ : 7 સપ્ટેમ્બર, 1933
- જન્મ સ્થળ : અમદાવાદ
- પતિનું નામ : રમેશભાઈ ભટ્ટ
- શેના માટે જાણિતા : SEWA સંસ્થા
- નિધન : 2 નવેમ્બર, 2022
- પુરસ્કાર : પદ્મ શ્રી (1985), પદ્મભૂષણ (1986), રેમન મેગ્સેસે એવોર્ડ (1977)



સામાજિક કાર્યકર શ્રીમતી ઈલાબેન ભટ્ટનો જન્મ 7 સપ્ટેમ્બર, 1933ના રોજ અમદાવાદ ખાતે થયો હતો.

- વર્ષ 1956માં તેમણે શ્રી રમેશભાઈ ભટ્ટ સાથે લગ્ન કર્યા હતા.
- વર્ષ 1972માં તેમણે 'સેલ્ફ–એમ્પલોયડ વિમેન્સ એસોસિએશન' નામની સંસ્થાની સ્થાપના કરી હતી.
- જેને ટૂંકમાં સેવા સંસ્થા તરીકે ઓળખવામાં આવે છે.
- તેઓ વર્ષ 1972 થી 1996 સુધી SEWA સંસ્થાના જનરલ સેક્રેટરી પદે રહ્યા હતા.
- તેઓ કાયદાના સ્નાતક અને આંતરરાષ્ટ્રીય મજૂર, સ્ત્રીઓને લગતા વિષયો, લઘુ ધિરાણ, સહકારી મંડળ અને સંલગ્ન ચળવળો સાથે જોડાયા હતા.
- આ ઉપરાંત તેમણે 2015 થી 2022 સુધી ગુજરાત વિદ્યાપીઠના ચાન્સેલર તરીકે સેવા આપી હતી.
- આ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી તરીકે પણ સેવા આપી હતી.
- ઈલાબેન ભટ્ટે વિશ્વ મહિલા બેંક, વિમેન્સ વર્લ્ડ સમિટ ફાઉન્ડેશન, આયોજન પંચ અને રાજ્યસભામાં પણ તેમની સવાઓ આપી છે.
- 1977માં તેમને સામાજિક નેતૃત્વ માટે રેમન મેગ્સેસે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. (પ્રથમ ગુજરાતી)
- ઈલાબેન ભટ્ટને મળેલા પુરસ્કારો નીચે મુજબ છે :

(1) પદ્મશ્રી (1985)

(2) પદ્મ ભૂષણ (1986)

(3) રેમન મેગ્સેસે (1977)

(4) રાઈટ લાઈવલીહૂડ એવોર્ડ (1984)

(5) નિવાનો શાંતિ પુરસ્કાર (2010)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(6) ઈન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર (2011)

- શ્રીમતી ઈલાબેન ભટ્ટના કેટલાંક પુસ્તકો નીચે મુજબ છે :

(1) શ્રમ શક્તિ, (2) ગુજરાતની નારી, (3) દૂસરી આઝાદી સેવા, (4) વી આર પુઅર બટ સો મની.

**નોંધ : વર્ષ 2007માં આફ્રિકાના ગાંધી તરીકે પ્રસિદ્ધ શ્રી નેલ્સન મંડેલાએ 'ધ એલ્ડર્સ' નામના જૂથની રચના કરી હતી. અને તેમણે દેશ અને વિશ્વની વિવિધ હસ્તિઓને તેમના જ્ઞાન, ડહાપણ અને તેમના અનુભવ માટે આ જૂથમાં સામેલ કર્યા હતા. જેમાં ઈલાબેન ભટ્ટનો પણ સમાવેશ થયો હતો.**

## SEWA

સેલ્ફ–એમ્પલોયડ વિમેન્સ એસોસિએશન (SEWA) એ 1920માં અનસૂયાબેન સારાભાઈ અને મહાત્મા ગાંધીજી દ્વારા સ્થપાયેલ ટેક્સટાઈલ લેબર એસોસિએશન (TLA)માંથી ઉદ્‌ભવ્યુ હતું.

- પરંતુ તે 1972 સુધી ટ્રેડ યુનિયન તરીકે નોંધણી કરાવી શક્યુ ન હતું. કારણ કે તેના સભ્યો કોઈ નોકરી દાતા ન હતા આથી તેમને કામદારો તરીકે જોવામાં આવતા ન હતા.
- વર્ષ 1972માં ઈલાબેન ભટ્ટે SEWA સંસ્થાની સ્થાપના કરી હતી.
- વર્ષ 1974ની શરૂઆતમાં સેવા બેંકની સ્થાપના ગરીબ મહિલાઓને નાની લોન આપવા માટે કરવામાં આવી હતી.
- તે એક પહેલ છે જેને આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા માઈક્રોફાઈનાન્સ તરીકે માન્યતા આપવામાં આવી હતી.
- તેનું નેટવર્ક ભારતમાં 18 રાજ્યો, દક્ષિણ એશિયાના અન્ય દેશો, દક્ષિણ આફ્રિકા અને લેટિન અમેરિકામાં ફેલાયેલું છે.
- તેણે મહિલાઓને કૌશલ્ય અને તાલિમ દ્વારા સશક્તિકરણ કરીને વ્યક્તિગત અને રાજકીય, સામાજિક કટોકટીના સમયમાં પુનર્વસન કરવામાં મદદ કરી છે.
- તેમણે મોટી સંખ્યામાં મહિલાઓને રોજગારી પૂરી પાડી અને કાપડના સહકારી ઉત્પાદન, વપરાશ અને માર્કેટિંગને પ્રોત્સાહન આપ્યું જે ભારતના ઔદ્યોગિકીકરણનું મુખ્ય હતું.
- તેણે ભારતમાં ટ્રેડ યુનિયનવાદ અને મજૂર ચળવળની દિશાને પણ નિર્ણાયક રીતે પ્રભાવિત કરી હતી.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેન્ક (IPPB)એ કયા સ્થળે 'નિવેષકાર દીદી' (રોકાણકાર દીદી) પહેલ હેઠળ ભારતની પ્રથમ ફ્લોટિંગ નાણાકીય સાક્ષરતા શિબિરનું આયોજન કર્યું હતું ?

(A) નોઈડા (B) શ્રીનગર (C) બેંગ્લોર (D) ભોપાલ **(B)**

2. ભારતમાં કોની જન્મજયંતિના માનમાં 'તકેદારી જાગૃતિ સપ્તાહ'નું આયોજન કરવામાં આવે છે ?

(A) સરદાર વલ્લભભાઈ પટેલ (B) મહાત્મા ગાંધીજી
(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રીમતી ઈન્દિરા ગાંધી **(A)**

3. તાજેતરમાં સામાજિક કાર્યકાર શ્રીમતી ઈલાબેન ભટ્ટનું નિધન થયું છે. તેમનો જન્મ ગુજરાતના કયા શહેરમાં થયો હતો ?

(A) અમદાવાદ (B) વડોદરા (C) નડિયાદ (D) ભાવનગર **(A)**

4. SEWA સંસ્થાની સ્થાપના કોણે કરી હતી ?

(A) શ્રીમતી વિદ્યા બહેન નિલકંઠ (B) શ્રીમતી શારદા બહેન
(C) શ્રીમતી ઈલાબેન ભટ્ટ (D) એકપણ નહી **(C)**

5. તાજેતરમાં શ્રીમતી ઈલાબેન ભટ્ટનું નિધન થયું છે. તેમના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમણે વર્ષ 1972માં SEWA સંસ્થાની સ્થાપના કરી હતી.
2. તેમણે ગુજરાત વિદ્યાપીઠના ચાન્સેલર તરીકે પણ સેવા આપી હતી.
3. તેમને ભારત સરકાર દ્વારા 1985માં પદ્મ શ્રી અને 1986માં પદ્મભૂષણ પુરસ્કાર એનાયત થયો હતો.
4. 1997માં તેમને સામાજિક નેતૃત્વ માટે રેમન મેગ્સેસે પુરસ્કાર એનાયત થયો હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(B)**

6. કયા વર્ષે ઈલાબેન ભટ્ટને સામાજિક નેતૃત્વ માટે રેમન મેગ્સેસે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો ?

(A) 1977 (B) 1980 (C) 1983 (D) 1987 **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પોષક તત્વો આધારિત સબસિડી દરોની મંજૂરી

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રી મંડળે નાઈટ્રોજન (N), ફોસફરસ (P), પોટાશ (K) અને સલ્ફર (S), ફોસ્ફોટિક અને પોટાસિક (P&K) ખાતરો જેવા વિવિધ પોષક તત્વો માટે પોષક તત્વો આધારિત સબસિડી (NBS)ના કિલોગ્રામ દરો માટે ખાતર વિભાગના પ્રસ્તાવને રવિ સીઝન 2022-23 માટે મંજૂરી આપી છે.

- આ નવા દર 1 ઓક્ટોબર, 2022 થી 31 માર્ચ 2023 સુધી લાગુ રહેશે.
- આ ઉપરાંત કેબિનેટે ખાતર પરની સબસિડી પેટે 51,875 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.
- આ નિર્ણયથી ખાતર તથા તેના કાચા માલના આંતરરાષ્ટ્રીય ભાવમાં અસ્થિરતા છતાં કૃષિ ક્ષેત્રને મદદ મળશે.
- નવા દરો નીચે મુજબ છે :

| વર્ષ | રૂ. પ્રતિ કિલોગ્રામ | | | |
|---|---|---|---|---|
| રવિ સિઝન, 2022-23 | N | P | K | S |
| (1-10-2022 થી 31-3-23) | 98.02 | 66.93 | 23.65 | 6.12 |

## પોષક તત્વો આધારિત સબસિડી (NBS) વ્યવસ્થા

NBS સિસ્ટમ હેઠળ ખાતરોમાં રહેલા પોષક તત્વો (N, P, K અને S)ના આધારે ખેડૂતોને સબસિડીવાળા દરે ખાતરો પૂરા પાડવામાં આવે છે.

- આ ઉપરાંત ગૌણ અને સુક્ષ્મ પોષકતત્વો જેવા કે મોલીબડેનમ (Mo) અને ઝીંકથી મજબૂત બનેલા ખાતરોને વધારાની સબસિડી આપવામાં આવે છે.
- P&K ખાતરો પર સબસિડી સરકાર દ્વારા વાર્ષિક ધોરણે દરેક પોષક તત્વો માટે પ્રતિ કિલોગ્રામના ધોરણે જાહેર કરવામાં આવે છે, જે P&K ખાતરોની આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક કિંમતો, વિનિમય દર તથા દેશમાં ઈન્વેન્ટરી સ્તર વગેરેને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે છે.
- NBS નીતિનો ઉદ્દેશ્ય P&K ખાતરોનો વપરાશ વધારવાનો છે જેથી કરીને NPK ખાતરો (N:P:K=4:2:1) નું શ્રેષ્ઠ સંતુલન પ્રાપ્ત કરી શકાય.
- તેનાથી જમીનનું આરોગ્ય સુધરશે અને પરિણામે પાકની ઉપજમાં વધારો થશે, જેના કારણે ખેડૂતોની આવકમાં વધારો થશે.

- આ ઉપરાંત સરકાર ખાતરના તર્કસંગત ઉપયોગની અપેક્ષા રાખે છે, તે ખાતર સબસિડીનું ભારણ પણ ઘટાડશે.
- તેનો અમલ એપ્રિલ 2010થી રસાયણ અને ખાતર મંત્રાલયના ખાતર વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યો છે.

## 3 મૂળભૂત ખાતર

ભારતમાં મુખ્યત્વે 3 મૂળભૂત ખાતર છે. યુરિયા, ડાઈ એમોનિયમ ફોસ્ફેટ (DAP) તથા મ્યૂરિએટ ઓફ પોટાશ (MOP).

| પોષક તત્વ | મુખ્ય સ્ત્રોત |
|---|---|
| નાઈટ્રોજન (N) | યુરિયા |
| ફોસફરસ (P) | DAP |
| પોટેશિયમ (K) | MOP |

## આંતરરાષ્ટ્રીય બાયોસ્ફિયર રિઝર્વ દિવસ



વર્ષ 2022 થી 3 નવેમ્બરને 'આંતરરાષ્ટ્રીય બાયોસ્ફિયર રિઝર્વ દિવસ'ની ઉજવણી કરવામાં આવશે.

- આ અંતર્ગત વર્ષ 2022માં 3 નવેમ્બરના રોજ પ્રથમ 'આંતરરાષ્ટ્રીય બાયોસ્ફિયર રિઝર્વ' દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## બાયોસ્ફિયર રિઝર્વ

બાયોસ્ફિયર રિઝર્વ (BR) એ UNESCO દ્વારા પ્રાકૃતિક અને સાંસ્કૃતિક લેન્ડસ્કેપ્સના નિયુક્ત ભાગોને આપવામાં આવેલ આંતરરાષ્ટ્રીય હોદ્દો છે, જે પાર્થિવ અથવા દરિયાકાંઠાના/દરિયાઈ ઈકોસિસ્ટમના મોટા વિસ્તારોને સમાવે છે અથવા બંનેના સંયોજનને સમાવે છે.

- બાયોસ્ફિયર રિઝર્વ આર્થિક અને સામાજિક વિકાસ તથા પ્રકૃતિના રક્ષણ સાથે સંકળાયેલ સાંસ્કૃતિક મૂલ્યોની જાળવણીને સંતુલિત કરવાનો પ્રયાસ કરે છે.
- બાયોસ્ફિયર રિઝર્વ રાષ્ટ્રીય સ્તરે સરકારો દ્વારા નિયુક્ત કરવામાં આવે છે. અને તે રાજ્યોના સાર્વભૌમ અધિકાર ક્ષેત્ર હેઠળ આવે છે. જ્યાં તે સ્થિત છે.
- તેને MAB ઈન્ટરનેશનલ કોઓર્ડિનેટિંગ કાઉન્સિલ (MAB ICC)ના નિર્ણયોને અનુસરીને યુનેસ્કોના ડાયરેક્ટર જનરલ દ્વારા આંતર–સરકારી MAB પ્રોગ્રામ હેઠળ નામાંકિત કરવામાં આવે છે.

- મેન એન્ડ બાયોસ્ફિયર રિઝર્વ પ્રોગ્રામ (MAB) એ આંતર–સરકારી વૈજ્ઞાનિક કાર્યક્રમ છે. જેનો હેતુ લોકો અને તેમના પર્યાવરણ વચ્ચેના સંબંધને સુધારવા માટે વૈજ્ઞાનિક આધાર સ્થાપિત કરવાનો છે.
- તેમની સ્થિતિ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય છે.

## વર્લ્ડ પઝલ ચેમ્પિયનશિપ

તાજેતરમાં શ્રી પ્રસન્ના શેષદ્રીએ 'વર્લ્ડ પઝલ ચેમ્પિયનશીપ (WPC)માં 11 વર્ષના પ્રયત્નો પછી ભારતનો પ્રથમ સિલ્વર મેડલ જીત્યો હતો.

- તથા આ વર્ષનો WPC ગોલ્ડ મેડલ જાપાનના કેન એન્ડોએ જીત્યો છે.
- વર્લ્ડ પઝલ ચેમ્પિયનશિપ એ વર્લ્ડ પઝલ ફેડરેશન દ્વારા ચલાવવામાં આવતી આંતરરાષ્ટ્રીય પઝલ સ્પર્ધા છે.
- સ્પર્ધામાંના તમામ કોયડાઓ સરળ સિદ્ધાંતો પર આધારિત શુદ્ધ–તર્ક સમસ્યા છે, જે ભાષા કે સંસ્કૃતિને ધ્યાનમાં લીધા વિના રમી શકાય તે માટે રચાયેલ છે.
- વર્લ્ડ પઝલ ફેડરેશન એ કોયડાઓમાં રસ ધરાવતી કાનૂની સંસ્થાઓનું સંગઠન છે.
- દરેક દેશમાંથી માત્ર એક જ સંસ્થા WPCથી સંબંધિત હોઈ શકે છે.



1. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય પોષક તત્વો આધારિત સબસિડી દરોની મંજૂરી આપી છે. (રવિ સિઝન 2022-23 માટે) આ નવા દરો નીચે કોષ્ટકમાં આપેલ છે. તેના પર વિચાર કરો.

| વર્ષ | રૂ. પ્રતિ કિલોગ્રામ | | | |
|---|---|---|---|---|
| રવિ સિઝન, 2022-23 | N | P | K | S |
| (1-10-2022 થી 31-3-23) | 98.02 | 66.93 | 23.65 | 40.41 |

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ નવા દરોમાંથી કઈ દર ખોટી રીતે જોડાયેલ છે.

(A) N (B) P (C) K (D) S **(D)**

2. તાજેતરમાં કયા દિવસના રોજ 'આંતરરાષ્ટ્રીય બાયોસ્ફિયર રિઝર્વ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 3 નવેમ્બર (B) 4 નવેમ્બર (C) 5 નવેમ્બર (D) 6 નવેમ્બર **(A)**

3. તાજેતરમાં ભારતના કયા વ્યક્તિએ 'વર્લ્ડ પઝલ ચેમ્પિયનશિપ'માં સિલ્વર મેડલ જીત્યો છે ?

(A) પ્રસન્ના શેષદ્રી (B) અવર્ણ નૈત્રી (C) મિરલ દેસાઈ (D) વિજય રાજગુરુ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 05 નવેમ્બર, વિશ્વ સુનામી જાગૃતિ દિવસ (World Tsunami Awareness Day)



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 5 નવેમ્બરના રોજ 'વિશ્વ સુનામી જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ સુનામી જાગૃતિ દિવસની ઉજવણી 'સુનામી' જેવી ઘાતક આપત્તિ વિશે સામાન્ય લોકોને જાગૃત કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવે છે.
- યુનાઈટેડ નેશન્સ અનુસાર 'સુનામી' શબ્દ જાપાનમાંથી આવ્યો છે, જ્યાં 'સુ' શબ્દનો અર્થ 'બંદર' અને 'નામી' શબ્દનો અર્થ 'તરંગ' (મોજા) થાય છે.
- ઘણીવાર મજબૂત ધરતીકંપ દરમિયાન સમુદ્રની પ્લેટ કેટલાંક મીટર ખસે છે, જેના પરીણામે સમુદ્રની સપાટી પરનું પાણી મોટા મોજાના સ્વરૂપમાં ઉછળે છે.
- આ મજબૂત અને ઊંચા મોજાને સપાટી પર સુનામી કહેવામાં આવે છે.
- વર્ષ 2004માં હિંદ મહાસાગરમાં સૌથી ભયંકર સુનામી પછી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ દર વર્ષ 5 નવેમ્બરને 'વિશ્વ સુનામી જાગૃતિ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય ઉત્સવ 2022

છત્તીસગઢ રાજ્ય સ્થાપના દિવસ નિમિત્તે છત્તીસગઢના રાયપુરમાં આયોજિત 'રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય ઉત્સવ'ની ત્રીજી આવૃત્તિમાં વિશ્વભરના કલાકારોએ ભાગ લીધો હતો.

- ભારત અને મોઝામ્બિક, મોંગોલિયા, ટોંગા, રશિયા, ઈન્ડોનેશિયા, માલદીવ્સ, સર્બિયા, ન્યુઝિલેન્ડ અને ઈજિપ્ત જેવા દેશોમાંથી લગભગ 1500 નર્તકોએ આ ઉત્સવમાં હાજરી આપી હતી.

### રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય ઉત્સવ

રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય ઉત્સવ એ છત્તીસગઢના ભવ્ય તહેવારોમાંનો એક છે.

- જે ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં વિવિધ આદિવાસી સમુદાયો દ્વારા ઉજવવામાં આવે છે.
- તેનું છત્તીસગઢના પર્યટન અને સંસ્કૃતિ વિભાગ હેઠળ આયોજન કરવામાં આવે છે.
- આ તહેવારનો ઉદ્દેશ્ય આદિવાસી સમૂદાયોને એક કરવાનો અને દરેકને તેમની સમૃદ્ધ સંસ્કૃતિ વિશે શિક્ષિત કરવાની તક પૂરી પાડવાનો છે.
- પ્રથમ રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય મહોત્સવ વર્ષ 2019માં અને બીજો વર્ષ 2021માં યોજાયો હતો.

## ગિરનારની લીલી પરિક્રમા

ગુજરાતમાં ગરવા ગિરનારની પરિક્રમા 'લીલી પરિક્રમા' તરીકે ઓળખાય છે.

- હિંદુ કેલેન્ડર પ્રમાણે પ્રતિ વર્ષ કારતક સુદ અગિયારસની મધ્યરાત્રીએ આ પરિક્રમાનો વિધિવત્ પ્રારંભ થાય છે.

### ગિરનારની લીલી પરિક્રમાની વિશેષતાઓ

દર વર્ષે કારતક સુદ અગિયારસથી કારતકી પૂનમ સુધી આ પરિક્રમા યોજાય છે.

- ગિરનારની પરિક્રમાથી ગરવા ગિરનારમાં વસતા 33 કરોડ દેવતાઓના તપનું પુણ્ય મળે છે એવી લોકવાયકા છે.
- આ પરિક્રમા લગભગ **36 કિલોમીટર** લાંબી છે.
- આ પરિક્રમાનો પ્રારંભ જૂનાગઢની ભવનાથ તળેટીમાં આવેલ દૂધેશ્વર મહાદેવના મંદિરથી થાય છે.
- આ પરિક્રમા પૂર્ણ કર્યા બાદ ભાવિકો દામોદર કુંડમાં સ્નાન કરે છે. એવું કહેવાય છે કે જ્યાં સુધી દામોદર કુંડમાં સ્નાન ન કરે ત્યાં સુધી લીલી પરિક્રમા અધૂરી ગણાય છે.
- આ પરિક્રમાના મુખ્ય પડાવોમાં ઝીણાબાવાની મઢી, માળવેલા અને બોરદેવી મંદિરનો સમાવેશ થાય છે.
- લીલી પરિક્રમાના રૂટ પર ત્રણ ઘોડીઓ (એટલે કે પર્વતોની વચ્ચે પસાર થઈ રહેલી બળદના ખૂંધ જેવી રચના. જેમાં પહેલાં ચઢાણ ચઢવાનું અને પછી એ ચઢાણ ઉતરવાનું હોય છે.) આવે છે :

  (1) ઈંટવા ઘોડી, (2) માળવેલા ઘોડી અને (3) નાળ–પાણીની ઘોડી
- જેમાં નાળ–પાણીની ઘોડી સૌથી આકરી અને ઘણી ઊંચાઈએ આવેલ છે. તેમજ તેનું ચઢાણ એકદમ સીધું છે.
- આ ઘોડી માળવેલા તથા બોરદેવી મંદિરની વચ્ચે સ્થિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ વિખ્યાત 'પુષ્કરના મેળા'નો રાજસ્થાનમાં પ્રારંભ

ભારતમાં રાજસ્થાનના અજમેર જિલ્લાના પુષ્કર ખાતે દર વર્ષે કારતક મહિનામાં મેળો ભરાય છે.

- આ મેળો કારતક મહિનામાં પૂનમના કેટલાક દિવસો અગાઉ શરૂ થાય છે અને કાર્તિકી પૂનમના રોજ પૂરો થાય છે.
- ભારતમાં પુષ્કરનો મેળો રાજસ્થાનના ભાતીગળ મેળા તરીકે ઓળખાય છે.
- આ મેળો 'પુષ્કરનો મેળો', 'પુષ્કરનો ઊંટનો મેળો' અથવા તો 'કારતક મેળા' તરીકે પણ ઓળખાય છે.
- ખાસ કરીને ઊંટ ઉપરાંત ઘોડા, બળદ તથા અન્ય પશુઓના ખરીદ–વેચાણ તથા પ્રદર્શન માટે આ મેળો ખૂબ જ પ્રસિદ્ધ છે.
- પુષ્કર તીર્થધામમાં બ્રહ્માજીનું મંદિર આવેલ છે તેમજ અહીં પુષ્કર સરોવર આવેલ છે. જેની ગણતરી ભારતના પવિત્ર સરોવરમાં થાય છે.

1. 'વિશ્વ સુનામી જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 નવેમ્બર (B) 6 નવેમ્બર (C) 7 નવેમ્બર (D) 8 નવેમ્બર (A)

2. તાજેતરમાં નીચેના પૈકી કયા રાજ્યમાં 'રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય ઉત્સવ'નું આયોજન થયું હતું. જેમાં દેશ–વિદેશના કલાકારોએ ભાગ લીધો હતો ?

(A) રાજસ્થાન (B) મેઘાલય (C) છત્તીસગઢ (D) મિઝોરમ (C)

3. ગુજરાતમાં ગિરનારની પરિક્રમા કયા નામે ઓળખાય છે ?

(A) ગરવી પરિક્રમા (B) દત્ત પરિક્રમા (C) લીલી પરિક્રમા (D) વન્ય પરિક્રમા (C)

4. ગુજરાતમાં ગિરનારની લીલી પરિક્રમાનો વિધિવત્ પ્રારંભ ક્યારથી થાય છે ?

(A) કારતક સુદ પાચમ (B) કારતક સુદ સાતમ

(C) કારતક સુદ અગિયારસ (D) કારતક સુદ પૂનમ (C)

5. ગિરનારની લીલી પરિક્રમાની લંબાઈ અંદાજિત કેટલા કિલોમીટર છે ?

(A) 26 (B) 36 (C) 46 (D) 48 (B)

6. પ્રસિદ્ધ પુષ્કરનો મેળો કયા રાજ્યમાં ભરાય છે ?

(A) રાજસ્થાન (B) મધ્યપ્રદેશ (C) ઉત્તરપ્રદેશ (D) હરિયાણા (A)

7. ઊંટની લેવડ–દેવડ માટે પ્રસિદ્ધ પુષ્કરનો મેળો દર વર્ષે કયા મહિનામાં ભરાય છે ?

(A) અષાઢ (B) શ્રાવણ (C) આસો (D) કારતક (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત**

તાજેતરમાં કેન્દ્રીય ચૂંટણી પંચે ગુજરાત વિધાન સભાની ચૂંટણીની જાહેરાત કરી હતી. આ અંતર્ગત બે તબક્કામાં મતદાન થશે તબક્કો-1, 1-12-22ના રોજ તથા તબક્કો-2, 5-12-22ના રોજ યોજાશે. તથા મત ગણતરી 8 ડિસેમ્બરના રોજ થશે. ગુજરાત વિધાન સભામાં કુલ 182 બેઠક છે. જેમાં સરકાર બનાવવા માટે કુલ 92 બેઠકની જરૂર રહે છે.

## ભારત

➤ **હરિયાણામાં ગૃહમંત્રીઓની ચિંતન શિબિરનું આયોજન**

હરિયાણામાં ગૃહમંત્રીઓની બે દિવસીય ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૃહમંત્રીઓની ચિંતન શિબિરનો ઉદ્દેશ્ય ભારતની આંતરિક સુરક્ષાને લગતી નીતિઓની રચના માટે રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય પ્રદાન કરવાનો છે. તેનો હેતુ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે વિવિધ હિસ્સેદારો વચ્ચે આયોજન અને સંકલનમાં સુમેળને પ્રોત્સાહન આપવાનો છે. તે પોલીસ દળોનું આધુનિકિકરણ, સાયબર ગુનાઓનું સંચાલન, ફોજદારી ન્યાય પ્રણાલીમાં માહિતી ટેક્નોલોજીનો ઉપયોગ, જમીન સરહદ વ્યવસ્થાપન, દરિયાકાંઠાની સુરક્ષા, ડ્રગની હેરફેર, મહિલા સુરક્ષા વગેરે જેવા વિષયો પર ધ્યાન કેન્દ્રિત છે. ચિંતન શિબિરની અધ્યક્ષતા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે કરી હતી. ચિંતન શિબિરને સંબોધતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં તમામ પોલીસ માટે એક યુનિફોર્મને પ્રોત્સાહન આપવા માટે 'વન નેશન, વન પોલીસ યુનિફોર્મ'નો વિચાર રજૂ કર્યો હતો. હાલમાં દરેક રાજ્યને પોતાનો નંબર અથવા ચિહ્ન રાખવાની સ્વતંત્રતા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ઈન્ડિયા - સ્વીડન ઈનોવેશન ડે 2022**

આ વર્ષે ભારત–સ્વીડન ઈનોવેશન ડે ની 9મી આવૃત્તિની ઉજવણી કરવામાં આવી હતી. ભારત અને સ્વીડન વચ્ચે ટકાઉ ઔદ્યોગિક વિકાસ અને ટેક્નોલોજીકલ આપવા માટે દર વર્ષે ભારત–સ્વીડન ઈનોવેશન ડે મનાવવામાં આવે છે. તે ભારત–સ્વીડન ઈનોવેશન પાર્ટનરશીપ હેઠળ ઉજવવામાં આવે છે. આ દિવસની પ્રથમ આવૃત્તિ વર્ષ 2013માં ઉજવવામાં આવી હતી. આ નવમી આવૃત્તિ 27 ઓક્ટોબરના રોજ સ્વીડનના સ્ટોકહોમમાં યોજાઈ હતી.

➤ **સરસ ફૂડ ફેસ્ટિવલ - 2022**

તાજેતરમાં નવી દિલ્હીમાં સ્વસહાય જૂથો (SHG)ની મહિલાઓ દ્વારા બનાવેલ પરંપરાગત અને ઘરેલુ હસ્તકલા, ચિત્રો, રમકડા વગેરેને પ્રોત્સાહન આપવા માટે સરસ ફૂડ ફેસ્ટિવલ, 2022નું આયોજન કરવામાં આવ્યું હતું. તે મહિલાઓને મોટા પાયે સશક્ત કરવાના પ્રયાસ તરીકે ગ્રામીણ વિકાસ મંત્રાલયની પહેલ છે. કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયના મુખ્ય કાર્યક્રમ 'રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન' હેઠળ રચાયેલા સ્વ સહાય જૂથોની મહિલાઓ આ ઉત્સવમાં ભાગ લઈ રહી છે. આ ઈવેન્ટ મહિલા સ્વસહાય જૂથોને ખોરાક બનાવવાના ક્ષેત્રમાં તેમની કુશળતા દર્શાવવાની અને લોકોને આપણા દેશની ખાદ્ય સંસ્કૃતિનો પરિચય કરાવવાની તક પૂરી પાડશે.

➤ **કાલાનામક ચોખા**

તાજેતરમાં ભારતીય કૃષિ સંશોધન સંસ્થા (IARI)એ ઉત્તરપ્રદેશમાં કાલાનામક ચોખાની બે નવી વામન જાતો એટલે કે પુસા નરેન્દ્ર કાલાનામક 1638 અને પુસા નરેન્દ્ર કાલાનામક 1652નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે જે બમણી ઉપજ આપે છે. કાલાનામક એ ડાંગરની એક પરંપરાગત જાત છે. જેમાં કાળી ભૂકી અને તીવ્ર સુગંધ હોય છે. તે શ્રાવસ્તીના લોકો માટે ભગવાન બુદ્ધ તરફથી મળેલી ભેટ માનવામાં આવે છે જ્યારે તેઓ જ્ઞાનપ્રાપ્તિ બાદ આ પ્રદેશની મુલાકાતે ગયા હતા. તે ઉત્તરપ્રદેશના તરાઈ ક્ષેત્રના 11 જિલ્લાઓમાં અને નેપાળમાં ઉગાડવામાં આવે છે. તે ભૌગોલિક સંકેત (GI) ટેગ હેઠળ સુરક્ષિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ગોવા મેરીટાઈમ સિમ્પોઝિયમ (GMS) 2022**

ગોવામાં નેવલ વોર કોલેજ (NWC) દ્વારા 31 ઓક્ટોબરથી 1 નવેમ્બર 2022 દરમિયાન ગોવા મેરીટાઈમ સેમિનાર (GMS)ની ચોથી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારના સહભાગીઓમાં બાંગ્લાદેશ, કોમોરોસ, ઈન્ડોનેશિયા, મેડાગાસ્કર, મલેશિયા, માલદીવ્સ, મોરેશિયસ, મ્યાનમાર, સેશેલ્સ, સિંગાપોર, શ્રીલંકા અને થાઈલેન્ડ જેવા મિત્ર દેશોના નૌકાદળના કમાન્ડર અથવા સમકક્ષ/મરીન ફોર્સ રેન્કના કેપ્ટન/અધિકારીઓનો સમાવેશ થાય છે. વર્ષ 2016માં ભારતીય નૌકાદળ દ્વારા કલ્પના અને સ્થાપના કરવામાં આવી હતી. GMS એ ભારત અને હિંદ મહાસાગર ક્ષેત્ર (IOR)ના મુખ્ય દરિયાઈ દેશો વચ્ચે સહયોગી વિચારસરણી, સહકાર અને પરસ્પર સમજણને પ્રોત્સાહન આપવાનું પ્લેટફોર્મ છે. આ સેમિનારના આ ઈવેન્ટનું આયોજન નેવલ વોર કોલેજ, ગોવા દ્વારા દ્વિવાર્ષિક ધોરણે કરવામાં આવે છે.

➤ **ઈન્ડિયા સ્પેસ કોંગ્રેસ 2022 નવી દિલ્હીમાં યોજાઈ**

ઈન્ડિયા સ્પેસ કોંગ્રેસ 2022 (ISC 2022) 26 થી 28 ઓક્ટોબર દરમિયાન નવી દિલ્હીમાં યોજાઈ હતી. ઈન્ડિયા સ્પેસ કોંગ્રેસ એ એક આંતરરાષ્ટ્રીય કોંગ્રેસ છે જે અવકાશ ક્ષેત્રે સરકાર, ઔદ્યોગિક નિષ્ણાતો, નીતિ ઘડનારાઓ, વિચારકો, કાયદાકીય વ્યાવસાયિકો અને તજજ્ઞોને એક સાથે લાવે છે. ISC 2022નું આયોજન સેટકોમ ઈન્ડસ્ટ્રી એસોસિએશન (SIAindia) દ્વારા ISRO, સંરક્ષણ મંત્રાલય, નીતિ આયોગ, ઈન–સ્પેસ, NSIL અને ટેલિકોમ્યુનિકેશન વિભાગની મદદથી કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટની થીમ 'Leveraging Space to Power Next-Gen Communication & Businesses' છે.

➤ **ભારતનું સૌથી મોટુ હાઈપરસ્કેલ ડેટા સેન્ટર**

ઉત્તર ભારતના પ્રથમ હાઈપરસ્કેલ ડેટા સેન્ટર 'યોટ્ટા ડી 1'નું ઉદ્‌ઘાટન કરતા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીએ માહિતી આપી હતી કે રાજ્યએ તેની ડેટા સેન્ટર પોલિસી શરૂ કર્યાના એક વર્ષમાં રૂ.20,000 કરોડના રોકાણ સાથે 250 મેગાવોટ સ્ટોરેજ ક્ષમતા સ્થાપવાનું લક્ષ્ય હાંસલ કર્યુ છે. 5000 કરોડના ખર્ચે બનેલ Yotta D1 એ દેશનું સૌથી મોટું અને ઉત્તરપ્રદેશનું પ્રથમ ડેટા સેન્ટર છે. આ ડેટા સેન્ટર ઉત્તરપ્રદેશના ગ્રેટર નોઈડાના પાર્કમાં 3 લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલું છે. ડેટા સેન્ટર એ દેશની ડેટા સ્ટોરેજ ક્ષમતામાં વધારો કરશે, જે અત્યાર સુધી માત્ર 2% હતી, તે હકિકત હોવા છતા કે વિશ્વના 20% ડેટાનો ભારતીયો દ્વારા વપરાશ થાય છે. Yotta D-1 ઉત્તર ભારતની 5G ક્રાંતિનો પ્રથમ આધારસ્તંભ હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ફૂટબોલ 4 શાળા પહેલ**

તાજેતરમાં શિક્ષણ મંત્રાલયે ભારતમાં 'Football 4 School' પહેલ માટે ફેડરેશન ઈન્ટરનેશનલ ડી ફૂટબોલ એસોસિએશન (FIFA) અને ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF) સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે. આ કાર્યક્રમ એ રમતગમતને જીવનનો અભિન્ન ભાગ બનાવવા અને લોકોને બહુ–આયમી બનાવવાના વડાપ્રધાનના વિઝન તરફનું એક પગલુ છે. તે રમતગમત–સંકલિત શિક્ષણ દ્વારા ભારતમાં 25 મિલિયન યુવા છોકરાઓ અને છોકરીઓને સશક્ત બનાવવાનું લક્ષ્ય રાખે છે. તે રાષ્ટ્રીયશિક્ષણ નીતિ 2022ની ભાવનાને પ્રોત્સાહિત કરવાની પહેલ છે. તેના ઉદ્દેશ્ય મૂલ્યવાન જીવન કૌશલ્યો અને યોગ્યતાઓ સાથે શીખનારાઓ (છોકરાઓ અને છોકરીઓ)ને સશક્તિકરણ, રમતગમત અને જીવન કૌશલ્યની પ્રવૃત્તિઓ લોકો માટે સુલભ બનાવવા માટે કોચ–શિક્ષકોને તાલીમ આપીને સશક્તિકરણ તથા ફૂટબોલ દ્વારા જીવન કૌશલ્ય શિક્ષણ આયોજિત કરવા માટે હિતધારકો (શાળાઓ, સભ્ય સંગઠનો અને જાહેર સંસ્થાઓ)ની ક્ષમતામાં વધારો કરવાનો છે.

➤ **ઈન્ડિયા કેમ - 2022**

તાજેતરમાં નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે 12મું દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને કોન્ફરન્સ – ઈન્ડિયા કેમ 2022નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતું. ઈન્ડિયા કેમ (કેમિકલ) - 2022ની થીમ 'વિઝન 2030 : બિલ્ડીંગ ઈન્ડિયા થ્રુ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ' છે.

➤ **મહારાષ્ટ્રમાં ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર મંજૂર**

કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે તાજેતરમાં પુણેમાં ગ્રીનફિલ્ડ ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર (EMC)ને મંજૂરી આપી છે. ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર (EMC) એ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર છે. જે મોબાઈલ ફોન, કેબલ્સ વગેરે જેવા ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોના ઉત્પાદન માટે જરૂરી સુવિધાઓ પૂરી પાડવા માટે રચાયેલ અને વિકસાવવામાં આવ્યુ છે.

## વિશ્વ

➤ **IEA World Energy Outlook (WEO) 2022 રિપોર્ટ**

યુક્રેનમાં યુદ્ધના કારણે વૈશ્વિક ઊર્જા સંકટ વચ્ચે વર્લ્ડ એનર્જી આઉટલુક 2022 રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો. વર્લ્ડ એનર્જી આઉટલુક (WEO) એ વૈશ્વિક ઊર્જાનું વિશ્વનું સૌથી વ્યાપક અને અધિકૃત મૂલ્યાંકન અને પ્રક્ષેપણ છે. તે 1998થી ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ એક એહવાલ છે. તે વિવિધ પરિસ્થિતિઓમાં વૈશ્વિક ઊર્જા પુરવઠા માંગ અને ઊર્જા સુરક્ષા, આબોહવા લક્ષ્યો અને આર્થિક વૃદ્ધિ પર તેમની અસર વિશે વ્યાપક આંતરદષ્ટિ પ્રદાન કરે છે. રશિયાના આક્રમણથી ઊર્જા કટોકટી વધી ગઈ હતી જે મહામારીના કારણે પુરવઠામાં વિક્ષેપને કારણે પહેલેથી ટોચનો નિકાસકાર છે. જો કે યુરોપમાં તેના પુરવઠામાં ઘટાડો અને રશિયામાંથી તેલ અને કોલસાની આયાત પર યુરોપિયન પ્રતિબંધોએ ઊર્જાના ભાવમાં નોંધપાત્ર વધારો કર્યો છે. નેચરલ ગેસના ભાવ અભૂતપૂર્વ સ્તરે પહોંચી ગયા છે. તેઓ સતત તેલ સમકક્ષ પ્રતિબેરલ 250 અમેરિકન ડોલરને પાર કરી રહ્યા છે.

➤ **આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળો**

ભારત સરકારનો પ્રકાશન વિભાગ યુનાઈટેડ આરબ અમીરાતમાં 2 નવેમ્બરથી શરૂ થનારા આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળામાં તેના પુસ્તકો પ્રદર્શિત કરશે. શારજાહ બુક ઓથોરિટી દ્વારા 12 દિવસીય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. શારજાહના એક્સ્પો સેન્ટર ખાતે આયોજિત આ મેળામાં વિશ્વના પ્રખ્યાત એવોર્ડ વિજેતા લેખકો, બૌદ્ધિકો અને અન્ય સાહિત્યકારો ભાગ લઈ રહ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ફંગલ ચેપની પ્રથમ સૂચિ**

તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ ફંગલ ચેપ (પ્રાધાન્યતા પેથોજેન્સ)ની પ્રથમ યાદી બહાર પાડી છે જે જાહેર આરોગ્ય માટે જોખમી હોઈ શકે છે. ફૂગ પ્રાયોરિટી પેથોજન લિસ્ટ (FPPL)માં 19 ફુગનો સમાવેશ થાય છે જે માનવ સ્વસ્થ્ય માટે સૌથી મોટો ખતરો દર્શાવે છે. બેક્ટેરિયલ પ્રાધાન્યતા પેથોજેન્સની સૂચિમાંથી આ સૂચિને પ્રાથમિકતા આપવામાં આવી છે, જે વૈશ્વિક લક્ષ્યો અને ક્રિયાઓ પર સમાન ધ્યાન કેન્દ્રિત કરીને WHO દ્વારા 2017માં પ્રથમ વખત સ્થાપિત કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય ફુગના ચેપ અને ફુગ પ્રતિરોધી પ્રતિકાર માટે વૈશ્વિક પ્રતિભાવને મજબૂત કરવા માટે વધુ સંશોધન અને નીતિગત હસ્તક્ષેપો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો અને પ્રોત્સાહન આપવાનો છે.

➤ **તિઆંગોંગ સ્પેસ સ્ટેશનનું છેલ્લુ મોડ્યુલ લોન્ચ કરવામાં આવ્યું**

તિઆંગોંગ સ્પેસ સ્ટેશનનું છેલ્લુ મોડ્યુલ 'મેંગટિયન' 31 ઓક્ટોબરના રોજ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું હતું. તેને ચીનના વેનચાંગ લોન્ચ સેન્ટરમાંથી લોંગ માર્ચ - 5B Y4 કેરિયર રોકેટ પરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. આ ત્રિજુ અને અંતિમ મોડ્યુલ છે. આ મોડ્યુલ 10 વર્ષ કે તેથી વધુ સમય માટે કાર્યરત રહેવાની અપેક્ષા છે. તિઆંગોંગ સ્પેસ સ્ટેશન હાલમાં ચીન દ્વારા બનાવવામાં આવી રહ્યું છે અને તેનું સંચાલન ચાઈના મેનેડ સ્પેસ એજન્સી (CMSA) દ્વારા સપાટીથી 340 અને 450 કિમીની વચ્ચે નીચી પૃથ્વીની ભ્રમણકક્ષામાં કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **લૂલા ડા સિલ્વા (Lula da Silva) બ્રાઝિલના નવા રાષ્ટ્રપતિ બનશે**

તાજેતરમાં શ્રી લૂલા ડા સિલ્વા બ્રાઝિલના નવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે. તેમણે શ્રી જેયર બોલ્સોનારોને હાર આપી હતી. નોંધનીય છે કે આ અગાઉ લુઈઝ ઈનાસિયો લૂલા ડા સિલ્વાએ 2002 થી 2010 વચ્ચે બે ટર્મ માટે બ્રાઝિલના રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી ચૂક્યા છે.

➤ **ડર્ટી બોમ્બ**

ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA), યુએનના પરમાણુ વોચડોગએ તાજેતરમાં યુક્રેન પર ડર્ટી બોમ્બ બનાવવાના રશિયાના આરોપોની તપાસ કરી હતી. ડર્ટી બોમ્બ એ પરંપરાગત વિસ્ફોટક ઉપકરણ છે જેમાં ઝેરી પદાર્થો હોય છે. પરમાણુ હથિયારથી વિપરિત, તે પરમાણુ વિસ્ફોટનું કારણ નથી. તેના બદલે તે વિસ્ફોટક પછી કિરણોત્સર્ગી, જૈવિક અથવા રાસાયણિક કચરો ફેલાવે છે. રશિયન સરકારે યુક્રેન પર ડર્ટી બોમ્બનો ઉપયોગ કરવાની યોજનાનો આરોપ મૂક્યો હતો.

## ICE ? Questions

- ગુજરાત રાજ્યમાં વિધાન સભાની કુલ કેટલી બેઠકો છે ? – 182
- તાજેતરમાં કયા રાજ્યમાં ગૃહમંત્રીઓની ચિંતન શિબિરનું આયોજન થયું હતું ? – હરિયાણા
- તાજેતરમાં કોણે વર્લ્ડ એનર્જી આઉટલુક રિપોર્ટ બહાર પાડ્યો હતો ? – IEA
- તાજેતરમાં WHOએ ફંગલ ચેપની પ્રથમ યાદી બહાર પાડી છે જે જાહેર આરોગ્ય માટે જોખમી છે. તેની FPPLમાં કેટલી ફૂગનો સમાવેશ થાય છે ? – 19
- તાજેતરમાં કયા શહેરમાં 'સરસ ફૂડ ફેસ્ટિવલ 2022'નું આયોજન કરવામાં આવ્યુ હતું ? – નવી દિલ્હી
- તાજેતરમાં 'ગોવા મેરીટાઈમ સિમ્પોઝિયન (GMS)ની કેટલામી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું ? – ચોથી
- તાજેતરમાં ઈન્ડિયા–સ્વીડન ઈનોવેશન ડે ની કેટલામી આવૃત્તિનું આયોજન થયું હતું ? – 9મી
- તિઆંગોંગ સ્પેસ સ્ટેશનનું છેલ્લુ મોડ્યુલ _____ 31 ઓક્ટોબરના રોજ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યુ હતું. – મેંગટિયન
- ઈન્ડિયા સ્પેસ કોંગ્રેસ 2022 ક્યાં યોજાઈ હતી ? – નવી દિલ્હી
- હાઈપરસ્કેલ ડેટા સેન્ટર Yotta D1 ક્યાં આવેલ છે ? – ગ્રેટર નોઈડા
- તાજેતરમાં શિક્ષણ મંત્રાલયે 'Football 4 School' પહેલ માટે AIFF અને _____ સાથે હસ્તાક્ષર કર્યા છે. – FIFA
- લૂલા ડા સિલ્વા કયા દેશના રાષ્ટ્રપતિ બનશે ? – બ્રાઝિલ
- ભારત સરકારના પ્રકાશન વિભાગે _____ માં આયોજિત આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળામાં તેના પુસ્તકો પ્રદર્શિત કર્યા હતા. – યુએઈ
- તાજેતરમાં રશિયાએ કયા દેશ પર ડર્ટિ બોમ્બ બનાવવાના આક્ષેપ કર્યા હતા ? – યુક્રેન
- ઈન્ડિયા કેમ 2022નું આયોજન ક્યાં થયું હતું ? – નવી દિલ્હી
- તાજેતરમાં મહારાષ્ટ્રના કયા શહેરમાં ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચિરિંગ ક્લસ્ટરની મંજૂરી આપી છે ? – પૂણે

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ‘માથાદીઠ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં કયો દેશ સૌથી વધુ ફાળો આપે છે ? – અમેરિકા

2. કઈ સંસ્થાએ ઓક્ટોબર 2022 માટે કોમોડિટી માર્કેટ્સ આઉટલુક રિપોર્ટ’ બહાર પાડ્યો છે ? – વિશ્વ બેંક

3. કયા દેશે (નવેમ્બર 2022 સુધીમાં) વિશ્વની સૌથી લાંબી પેસેન્જર ટ્રેન શરૂ કરી છે ? – સ્વિટ્ઝર્લેન્ડ

4. 'India Space Congress, ISC 2022' નું યજમાન કયું શહેર છે ? – નવી દિલ્હી

5. કયા દેશે યુરોપિયન યુનિયન સાથે સ્થળાંતર અને ગતિશીલતા પરના ઉચ્ચ સ્તરીય સંવાદની સહ–અધ્યક્ષતા કરી છે ? – ભારત

6. કઈ સંસ્થા ‘એમ્પ્લોયમેન્ટ આઉટલુક ઓફ ઈન્ડિયા’ રિપોર્ટ બહાર પાડે છે ? – નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ

7. નાસાનો તાજેતરનો પ્રોજેક્ટ ‘ડ્રેગનફલાય’ (Dragonfly) કયા ગ્રહની શોધ માટે શરૂ કરવામાં આવ્યો હતો ? – શનિ

(નાસાનું ડ્રેગનફલાય રોટરક્રાફટ વર્ષ 2034માં શનિના ચંદ્ર ટાઈટન પર પહોંચવાનું છે. ડ્રેગનફલાય એ બાહ્ય સૌરમંડળમાં વિશ્વનું પ્રથમ ઉડતુ મશિન પણ છે.)

8. SIMBEX એ ભારત અને કયા દેશ વચ્ચે આયોજિત દરિયાઈ દ્વિપક્ષીય કવાયત છે ? – સિંગાપોર

9. એવિએશન એનાલિટિક્સ કંપની ‘ઓફિશિયલ એરલાઈન ગાઈડ (OAG)’ અનુસાર વિશ્વનું સૌથી વ્યસ્ત એરપોર્ટ કયું છે ? (ઓક્ટોબર 2022 સુધીમાં) – હાટ્સફિલ્ડ–જેક્સન એટલાન્ટા ઈન્ટરનેશનલ એરપોર્ટ

(એવિએશન એનાલિટિક્સ કંપની ઓફિશિયલ એરલાઈન ગાઈડ (OAG) ના અહેવાલ અનુસાર ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ, દિલ્હી સીટની ક્ષમતા અને સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય ફલાઈટ્સ આવર્તનની દષ્ટિએ વિશ્વનું 10મું સૌથી વ્યસ્ત એરપોર્ટ છે.)

10. તાજેતરમાં કયા દેશની સંસદમાં હ્યુમેનોઈડ રોબટે સંબોધન કર્યુ હતું ? – બ્રિટન

(તાજેતરમાં બ્રિટનની સંસદમાં હ્યુમોનોઈડ રોબટે સંબોધન કર્યુ હતું. આ રોબર્ટનું નામ આઈ–દા છે. આઈ–દાને 2019માં આધુનિક અને સમકાલીન કલા નિષ્ણાત એઈડન મેલર તૈયાર કરાયો હતો.)

11. કયા દેશના રાષ્ટ્રપતિને ‘રાષ્ટ્રીય સુરક્ષા વ્યૂહરચના’ (NSS) લાવવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે ? – અમેરિકા

12. કઈ સંસ્થામાં ‘DRDO ઈન્ડસ્ટ્રી એકેડેમિયા – સેન્ટર ઓફ એક્સેલન્સ’ (DIA-COE)ની સ્થાપના કરવામાં આવી છે ? – IIT રૂરકી

13. RBI એક્ટ મુજબ કેટલા ત્રિમાસિક ગાળા માટે ફુગાવાના લક્ષ્યને જાળવી રાખવામાં નિષ્ફળતાના કિસ્સામાં કેન્દ્રીય બેંકે સરકારને રિપોર્ટ મોકલવો પડશે ? – ત્રણ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. 'India Chem 2022' કોન્ફરન્સનું યજમાન શહેર કયું છે ? – નવી દિલ્હી
15. રંજનગાંવ, જ્યાં ગ્રીનફિલ્ડ ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર (EMC)ની સ્થાપના કરવામાં આવી હતી. તે કયા રાજ્યમાં છે ? – મહારાષ્ટ્ર
16. વિશ્વ શહેર દિવસ 2022ની થીમ શું છે ? – એક્ટ લોકલ ટુ ગો ગ્લોબલ
17. તાજેતરમાં કયા રાજ્યએ 'માનગઢ ધામની ગૌરવ ગાથા' કાર્યક્રમનું આયોજન કર્યુ હતું ? – રાજસ્થાન
18. તાજેતરમાં ભારતે કયા દેશ સાથે ઈકોનોમિક કોઓપરેશન એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ (ECTA) પર હસ્તાક્ષર કર્યા છે ? – ઓસ્ટ્રેલિયા
19. 'ઓપરેશન વિજિલન્ટ સ્ટોર્મ' એ યુએસ અને કયા દેશ વચ્ચે યોજવામાં આવતી સંરક્ષણ કવાયત છે ? – દક્ષિણ કોરિયા
20. 15મી અર્બન મોબિલિટી ઈન્ડિયા કોન્ફરન્સ અને એક્ઝિબિશનનું ઉદ્‌ઘાટન 2 નવેમ્બર, 2022ના રોજ કેરળના ______ માં આવાસ અને શહેરી બાબતોના મંત્રી અને કેરળના મુખ્યમંત્રી દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. – કોચી
21. શિક્ષણ મંત્રાલયના પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ (PGI) અનુસાર, 2020-21માં કેટલા રાજ્યોએ લેવલ-2 ગ્રેડિંગ હાંસલ કર્યુ છે ? – સાત
22. કઈ સંસ્થાએ બીજા તબક્કાની બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ (BMD) ઈન્ટસેપ્ટર AD-1 મિસાઈલનું પરીક્ષણ કર્યુ છે ? – DRDO
23. ગારો આદિવાસી સમુદાયના સભ્યો 'ધ રાઈઝિંગ સન વોટર ફેસ્ટ પ્રસંગે ______ નૃત્ય કરે છે. – વાંગલા નૃત્ય (મેઘાલય)
24. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના મૂલ્યાંકન અને માન્યતાને મજબૂત કરવા માટે રચાયેલી પેનલના વડા કોણ છે ? – કે રાધાકૃષ્ણન
25. કોલિન્સ ડિક્શનરી દ્વારા 'વર્ડ ઓફ ધ યર 2022' તરીકે કયો શબ્દ પસંદ કરવામાં આવ્યો છે ? – Permacrisis
('Permacrisis' એક શબ્દ જે 'અસ્થિરતા અને અસુરક્ષાના વિસ્તૃત સમયગાળા'નું વર્ણન કરે છે.)
26. કયા દેશે 'બીડૌ' (Beidou) સેટેલાઈટ નેવિગેશન સિસ્ટમ લોન્ચ કરી છે ? – ચીન
27. નવેમ્બર 2022 સુધીમાં પૃથ્વી પરથી છોડવામાં આવેલ સૌથી શક્તિશાળી રોકેટ કયું છે ? – ફાલ્કન હેવી
(સ્પેસએક્સએ તેનું ફાલ્કન હેવી રોકેટ લોન્ચ કર્યુ છે, જેણે ઘણા યુએસ લશ્કરી ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં મૂક્યા હતા. પૃથ્વી પરથી આ અત્યાર સુધીનું સૌથી શક્તિશાળી પ્રક્ષેપણ છે. તે સ્પેસએક્સનું 2022નું 50મું લોન્ચિંગ હતું.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS


~ વિભાગ-1 અને વિભાગ-2 બન્નેની સંપૂર્ણ તૈયારી ~
Live+Recorded Batch
TET-1/2
Batch Start Time : 4 to 6pm
FEES ₹ 20,000/-
9,999/-
સામાજિક વિજ્ઞાન * ગણિત - વિજ્ઞાન * ભાષા
ફ્રી
~ મટિરીયલ્સ (Books)
~ Daily/ Weekly/ Mock Test
~ Reading Schedule
~ Lecture PDF
~ High Scoring Strategy
~ શિક્ષણ વિષય પર વિશેષ ધ્યાન
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
Download ICEONLINE Application
93773-01110 (10:00am to 6:00pm)


SPECIAL OFFER
COMBO OFFER
40% Off
MRP
290 + 290 = 580
only
348₹
BUY NOW
ICE MAGIC
કરન્ટ અફેર્સ
6 MONTHS CURRENT AFFAIRS
તલાટી-મંત્રી તથા જુનિયર કલાર્ક
5000
50
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
www.iceonline.in

ICE®

# INSTITUTE FOR COMPETITIVE EXAMS

**Website**
iceonline.in

**YouTube**
icerajkot

**WhatsApp**
joinicerajkot.com

**Telegram**
t.me/icerajkotofficial.com

**Instagram**
icerajkot

**Facebook**
icerajkot

**Twitter**
icerajkot

**ICE Magic**
ICE® MAGIC
WEEKLY CURRENT AFFAIRS
Free Download

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ Social Media Icon પર Click કરો.